# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૩ * નવેમ્બર, ૨૦૧૪



નિર્વાણમહોત્સવ દિન આજ, વીરપ્રભુ સિદ્ધ થયા છે;
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં, મુક્તિમાં બિરાજ્યાં નાથ,
વીરપ્રભુ સિદ્ધ થયા છે;
અનાદિ દેહનો સંબંધ છૂટીને, ચૈતન્યગોળો છૂટ્યો આજ,
વીરપ્રભુ સિદ્ધ થયા છે;

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ જો મન અજ્ઞાનસે બિગડા હુઆ હૈ (પીડિત હૈ) વહ તો નિજસ્વરૂપસે છૂટ જાતા હૈ, ઔર જો મન વિજ્ઞાન કહિયે સમ્યગ્જ્ઞાનસે વાસિત હૈ વહ અપને અંતરંગમેં પ્રભુ ભગવાન પરમાત્માકો દેખતા હૈ, યહ વિધિ હૈ, ઈસ કારણ અજ્ઞાનકો દૂર કરના ચાહિયે. ૧૪૪૬.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૨, શ્લોક-૫૧)*

✻ માત્ર ક્રિયા દેખાવાથી સમ્યગ્દષ્ટિને વિષયોમાં વીતરાગતા અસિદ્ધ નથી, કારણ કે દારિદ્રય અને મરણાદિને નહિ ઈચ્છવાવાળા લોકોને પણ દારિદ્રય તથા મરણાદિની પ્રાપ્તિ થાય છે. ૧૪૪૭. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગા. ૨૭૦)*

✻ જિનેશ્વરદેવને કહ્યા દર્શન હૈ સો ગુણનિવિષૈં અર દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈન તીન રત્નનિવિષૈં સાર હૈં, ઉત્તમ હૈ, બહુરિ મોક્ષમંદિરકે ચઢનેકૂં પ્રથમ પૈડી હૈ, સો આચાર્ય કહે હૈ—હે ભવ્ય જીવ હો! યાકૂ અંતરંગ ભાવ કરિ ધારણ કરો, બાહ્ય ક્રિયાદિક કરિ ધારણ કિયા તો પરમાર્થ નાંહી, અંતરંગકી રુચિ કરી ધારણાં મોક્ષકા કારણ હૈ. ૧૪૪૮. *(શ્રી કુંદકુંદાચાર્ય, દર્શનપાહુડ, ગાથા-૨૧)*

✻ ભાવમેં હી ધર્મ રહતા હૈ. ભાવમેં હી અપને આત્માકા સ્વભાવ ઝલકતા હૈ. ભાવસે હી ભાવોંકી શુદ્ધિ હોતી હૈ. ઈસ કારણ નિશ્ચય શુદ્ધ અણુવ્રત આત્માકે શુદ્ધ સ્વભાવમેં હી હૈં. ૧૪૪૯ *(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક—૩૬૬)*

✻ જે જ્ઞાન દુઃખ વિના ભાવવામાં આવે છે તે ઉપસર્ગાદિ દુઃખો આવી પડતાં નાશ પામે છે, માટે મુનિએ પોતાની શક્તિ અનુસાર કાયકલેશાદિરૂપ દુઃખોથી આત્માની શરીરાદિથી ભિન્ન ભાવના ભાવવી. ૧૪૫૦

*(શ્રી પૂજ્યપાદ સ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૦૨)*

✻ હું એવા પ્રકારના સંસારમાં વસુ છું કે જે સંસાર અશરણ છે, અશુભ છે, અનિત્ય છે, દુઃખમય છે અને અનાત્મરૂપ (પરરૂપ) છે અને તેનાથી વિપરીત એવું મોક્ષનું સ્વરૂપ છે. (મોક્ષ તેનાથી વિપરીત સ્વરૂપવાળો છે.) તે રીતે સામાયિકમાં સ્થિત જીવોએ વિચાર કરવો. ૧૪૫૧.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડક—શ્રાવકાચાર, શ્લોક-૧૦૪)*

વર્ષ–૯
અંક–૩





વિ. સંવત
૨૦૭૧
November
A.D. 2014



# ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સં. ૧૯૯૯ તથા ૨૦૦૦ના આસો વદી ૩૦ના વ્યાખ્યાનમાંથી)



વર્તમાન શાસનનાયક શ્રી વીર ભગવાનના નિર્વાણકલ્યાણકનો આજે દિવસ છે. આજથી ૨૪૭૧ વર્ષ પહેલાં તેઓશ્રી ભરતક્ષેત્રમાં બિરાજતા હતા; મહાવીર ભગવાનનો જન્મ કલ્યાણક દિવસ ચૈત્ર સુદી-૧૩નો છે. તેઓશ્રી પણ જેવા આ બધા આત્મા છે તેવા આત્મા હતા અને પહેલાં તેઓ પણ સંસારમાં હતા. પોતાના આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન અને પરમાનંદ ભર્યો છે તેનું તેઓશ્રીએ ભાન કરીને પછી સ્થિરતાના પ્રયાસ વડે જ્ઞાન-આનંદ પરિપૂર્ણ પ્રગટ કર્યો. તે દિવસ વૈશાખ સુદી ૧૦નો છે. કેવળજ્ઞાન થયા પછી ૩૦ વર્ષ સુધી દિવ્યધ્વનિ દ્વારા પરમ સત્ય વસ્તુસ્વરૂપ યાને ધર્મને જગજાહેર કર્યો અને તેમને ૭૨ વર્ષ થતા તેઓશ્રી મોક્ષલક્ષ્મીને પામ્યા તે માંગલિક દિવસ આજે (આસો વદી ૩૦)ના પરોઢીયે છે. ભગવાનશ્રી મોક્ષે પધાર્યા તેનો મહામંગળિક મહોત્સવ પાવાપુરીમાં ઈન્દ્રો-દેવો અને રાજવીઓએ દીવા વગેરેથી ઊજવ્યો હતો તેથી તે દિવસ દીપોત્સવી અથવા તો દિવાળી તરીકે પ્રખ્યાત છે. ખરેખર આજનો દિવસ આત્માના પૂર્ણાનંદ સ્વભાવને પ્રગટ કરવાની ભાવનાનો છે. જેવો ભગવાનનો આત્મા તેવો જ મારો આત્મા છે એમ વિચારી સ્વભાવનું ભાન કરી વિભાવ પરિણામને સ્વરૂપ સ્થિરતા વડે તોડું—એમ પુરુષાર્થ ઉપાડવાનો આજનો દિવસ છે.

શ્રી ભગવાન આજના જ દિવસે મોક્ષ પધાર્યા—એમ પૂર્વકાળની વર્તમાન સાથે સમ્યગ્જ્ઞાન દ્વારા સંધી કરવી તે ખરેખર તો વસ્તુદૃષ્ટિ છે. વસ્તુદૃષ્ટિમાં દ્રવ્ય-પર્યાય વચ્ચેનો કાળભેદ તોડી નાખીને, ભૂતકાળમાં જે બન્યું તેને વર્તમાનરૂપ કરીને મહોત્સવ કરવામાં આવે છે.

વસ્તુદૃષ્ટિથી જોતાં વસ્તુ તો મુક્ત સ્વરૂપ જ છે અને મુક્તદશાનું કારણ પણ વસ્તુ જ છે. આવા પરિપૂર્ણ વસ્તુસ્વભાવનું ભાન થયું છે પણ હજી પૂર્ણ મુક્તદશા પ્રગટી નથી, અવસ્થામાં અપૂર્ણતા છે, એવા સાધક જીવો જેઓ પૂર્વે પૂર્ણ થઈ ગયા છે તેમને વર્તમાન યાદ કરીને પોતાની પૂર્ણતાની ભાવના કરે છે, જે પરમ પવિત્રદશા પ્રગટીને કાયમ રહે છે તે પવિત્રદશા જે વસ્તુ સ્વભાવથી પ્રગટે છે તે વસ્તુની દૃષ્ટિ (શ્રદ્ધા, પ્રતીતિ) થયા વગર "પ્રભુજી આજે મોક્ષ પધાર્યા" એવો કાળભેદ તોડીને દ્રવ્ય-પર્યાયની સંધિ કરતો, યથાર્થ આરોપ ઉત્સવનો ભાવ આવે જ નહિ.

'આજે પ્રભુશ્રી મહાવીર મુક્તપણાને પામ્યા' એવો પૂર્વનો આરોપ વર્તમાનમાં કરે છે તે આરોપ સાચો ક્યારે કહેવાય ? કે–(ભગવાનની મુક્તદશા તો તેમની પાસે રહી) હું પણ એવો મુક્તસ્વરૂપ છું—એમ જો તે આરોપ પાછળ પોતાના અનારોપ સ્વરૂપનું ભાન હોય તો જ આરોપ યથાર્થ રીતે કરી શકે છે અને મુક્તદશાના જોરે અલ્પકાળમાં મુક્તદશા પ્રગટ કરે છે.

અરિહંતદશામાં પરમાત્માને સમોસરણ અને બાર સભા વગેરે સાથે તો સંબંધ હતો જ નહીં અર્થાત્ કોઈ પ્રત્યે રાગ-દ્વેષ હતો નહીં–પરંતુ હજુ જોગનો વિકાર હતો આજે તે પણ છૂટીને અકંપસ્વભાવમાં પ્રભુશ્રી સ્થિર થયા. જે જીવે પ્રભુશ્રીને ઓળખીને પોતાનાં તેવા જ સ્વભાવનું ભાન કર્યું તે જીવે અજ્ઞાન-રાગ-દ્વેષ કર્મ વગેરે બધા સાથેનો સંબંધ ઉડાડ્યો અને પોતાના સિદ્ધ સ્વભાવ સાથે સંબંધ કર્યો.

ભગવાન શ્રી મહાવીર સ્વભાવનું ભાન કરીને રાગ અને પરના સંબંધનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા અને ત્યારપછી જોગના વિકારનો પણ સંબંધ છૂટતા તદ્દન અકંપ સિદ્ધ સ્વભાવમાં સ્થિર થયા એવા નિજ–આત્મસ્વભાવની ઓળખાણ સહિત જો જીવ ભગવાનનો નિર્વાણ-કલ્યાણક મહોત્સવ કરે તો તે પરમાર્થના ભાનસહિત વ્યવહાર મહોત્સવ છે અને પોતે જ જ્યારે તે પવિત્રદશાને પ્રાપ્ત કરે તે પરમાર્થ મહોત્સવ છે. આ સિવાય બીજા કોઈ યથાર્થ મહોત્સવ ઊજવી શકે નહીં.

**અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,**
**છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬. –શ્રી નિયમસાર**

આજથી ૨૪૭૧ વર્ષ પહેલાં ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સંપૂર્ણ જ્ઞાનસહિત આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા, તેઓશ્રી વિશ્વ-ઉપકારક અને મહાન ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર મહાપુરુષ હતા. આસો વદી-૧૪ની પાછલી રાત્રે એટલે કે આસો વદી ૩૦ના પ્રાતઃકાળમાં આયુષ્ય પૂર્ણ થતાં પ્રભુશ્રીનો આત્મા સર્વપ્રકારે સંપૂર્ણ શુદ્ધ થયો અર્થાત્ પ્રભુશ્રી નિર્વાણ પધાર્યા. જીવનમુક્ત ભગવાન દેહમુક્ત થયા. પ્રભુશ્રીના નિર્વાણનો આ સંદેશ વિજળીની માફક થોડી જ વારમાં સર્વત્ર ફેલાઈ ગયો અને તુરત જ દેવેન્દ્રો, દેવો, રાજવીઓ અને જનસમૂહ ભક્તિથી ગદ્‌ગદ્ થઈ નિર્વાણભૂમિ શ્રી પાવાપુરી આવી પહોંચ્યા.

ભગવાન શ્રી મહાવીરનો વિરહ પડતાં ઈન્દ્રોને પણ પ્રશસ્ત રાગને લીધે આંખમાંથી ચૌધાર આંસુ ચાલ્યા જાય છે અને કહે છે કે અરેરે ! આજે આ કેવળજ્ઞાન સૂર્ય અસ્ત થયો. કેવળજ્ઞાની ભગવંતના વિરહ પડ્યા....આ રીતે એક તરફથી વિરહના વેદન થાય છે—પરંતુ બીજી તરફથી ભગવાન મહાવીર પ્રભુ સંસારથી છૂટીને સંપૂર્ણ મુક્તદશા પામ્યા તેથી અતિ આનંદથી સર્વે નિર્વાણકલ્યાણક મહોત્સવ ઊજવે છે.

ભગવાન શ્રી મહાવીર તીર્થનાયક, જગતઉદ્ધારક તીર્થંકર પુરુષ હતા, તેથી સમસ્ત ભવ્યાત્માઓ ભગવાનના નિર્વાણકલ્યાણકનો પવિત્ર મહોત્સવ ઊજવે એ સ્વાભાવિક છે. તે દિવસે પ્રાતઃકાળે કાંઈક અંધારું હોવાથી ભક્તિથી રત્નોના અને ઘીના દીપકો કરવામાં આવ્યા હતા. અગણિત દીપકોની હાર વડે એ મહોત્સવ ઉજવાયો હોવાથી તે દિવસને 'દીપોત્સવી' અથવા તો 'દીપાવલી' (દીવાળી) કહેવામાં આવે છે.

જે આ મહાવીર ભગવાનના નિર્વાણ કલ્યાણક—ઊજવવાનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું છે તે પ્રમાણે સમજીને જે પોતાનું સ્વરૂપ પ્રગટ કરશે તે મુક્તિને પામશે. જેવું ભગવાન મહાવીરના આત્માનું સ્વરૂપ છે તેવું જ બધા આત્માનું સ્વરૂપ છે. આ જે મહાવીર ભગવાનના ગાણા ગાયા તે પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટે છે, તેવા સ્વરૂપને સમજે તો અત્યારે પણ એકાવતારીપણું પ્રગટ કરી શકાય છે, ભગવાનશ્રી મહાવીર પરમાત્મા મોક્ષ પધાર્યા અને સંતોના નાયક શ્રી ગૌતમ ગણધર કેવળજ્ઞાન પામ્યા. જ્ઞાનાવરણાદિ રાત્રિનો નાશ કરી કેવળજ્ઞાન પ્રભાત પ્રગટ કર્યું તેવા શ્રી કેવળજ્ઞાનીઓને અમારા નમસ્કાર હો. (આત્મધર્મ કારતક વીર સં. ૨૪૭૨)

**છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;**
**ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.** **–શ્રી નિયમસાર**





# સુપ્રભાત માંગલિક

આજે બેસતું વરસ છે. નવા વરસના પ્રભાત તો ઘણાં ઉગે છે પરંતુ આત્માના સમ્યગ્જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ખીલીને જે કેવળજ્ઞાન પ્રગટે છે તે જ ખરું સુપ્રભાત છે. નવા વરસના પ્રભાત તો ઘણા આવ્યા અને ઘણાં ગયાં પણ પ્રભાત તો તેને કહેવાય કે જે આત્માનો જે કેવળજ્ઞાન સૂર્યનો ઝળહળતો પ્રકાશ ઉગ્યો તે ઉગ્યો પછી અસ્ત ન થાય—તેનું નામ સુપ્રભાત મંગળિક છે કઈ રીતે મંગળિક છે ? મંગળિક એટલે જે આત્માના ભાન દ્વારા પોતાના પુરુષાર્થ વડે કેવળજ્ઞાન પમાડે તે પોતે સુમંગળ છે. નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ સમ્યગ્જ્ઞાન અને નિર્મળ સમ્યક્ચારિત્ર તે ત્રણ ગુણોની નિર્મળ પર્યાય પ્રગટે તે પવિત્ર ભાવ છે—પવિત્ર પર્યાય છે, તે પવિત્ર પર્યાય પ્રગટતાં રાગ-દ્વેષની અપવિત્ર પર્યાયનો નાશ થાય છે તેથી તે પવિત્ર ભાવ પોતે જ મંગળ છે. આત્મા સહજ સ્વરૂપ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ વગેરે ગુણોથી ભરેલો સ્વભાવ સંપદાનું મંદિર છે. સ્વભાવની પૂર્ણ લક્ષ્મીનું વીતરાગી મંદિર છે. આત્મા જ્ઞાન આનંદથી તાદાત્મ્ય (એકમેક) સ્વરૂપ છે તેનાથી કદી આત્મા છૂટ્યો નથી. એવા આત્મસ્વભાવમાં દૃષ્ટિના જોરથી જેને કેવળજ્ઞાન પ્રગટ્યું તેને જ સાદિ-અનંત સુપ્રભાતનો પ્રકાશ થયો અને મોક્ષદશા પ્રગટી તેજ નવું વર્ષ બેસ્યું છે. જીવને આત્માના પૂર્ણ સ્વભાવનો અને કેવળજ્ઞાનનો મહિમા આવતા પરનો મહિમા ટળે છે—તે જ મંગળ છે.

જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો. **પદ્મનંદી પંચવિંશતિ, સુપ્રભાત અષ્ટક, શ્લોક–૧**

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮. –શ્રી નિયમસાર**




# અરિહંત ભગવાનનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૪-૪-૪૪, સોમવાર) (ગતાંકથી ચાલુ)



**૯–રોગ** :—શરીરમાં પીડા ઉત્પન્ન થવી તેનું નામ રોગ છે. પરમ ઔદારિક, મહાસુંદર, નિશ્ચલ અને શાંત ધ્યાન આકારે એવા ભગવાનના શરીરમાં કોઈ પ્રકારનો રોગ નથી. રોગ તે પાપનો ઉદય છે, ભગવાનને શરીરમાં રોગ આવે એટલી અસાતા નથી. મીઠા જળથી ભરેલા સમુદ્રમાં મીઠાની નાની કટકી નાંખવાથી તે સમુદ્રના પાણીમાં કેટલી ખારાશ આવે ? તેમ અરિહંતદેવને કેવળજ્ઞાન પહેલાં શુભ વિકલ્પથી સાતાના પટ વધી ગયાં છે, અન તે સાતાના અનંતમા ભાગે અસાતા છે તેના નિમિત્તે રજકણો શરીરમાં આવે છે, તે જ્ઞાની જ જાણી શકે છે; તે અસાતાના નિમિત્તે રજકણો શરીરમાં આવે છે–આત્મામાં નથી આવતા. ભગવાનનું સ્વરૂપ તો અપાર માહાત્મ્યવાળું છે, પણ અત્યારે તો ઘણાં તેને સાધારણ માણસ જેવું માની રહ્યા છે. જ્યાં સાચા દેવના સ્વરૂપની ઓળખાણ નથી ત્યાં આત્માની કે ધર્મની ઓળખાણ પણ હોઈ શકે નહીં.

**૧૦–મરણ** :—આદિ–અંત સહિત, મૂર્તિક, ઈન્દ્રિયોના ચિહ્નવાળું. આત્માના સ્વભાવથી વિપરીત સ્વભાવવાળું, મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવગતિ સંબંધી વિભાવવ્યંજનપર્યાય અથવા ઔદારિક–વૈક્રિયિક શરીર એથી આત્માનું જુદા પડી જવું એટલે કે કાર્માણ શરીર આત્મા સાથે રહે તે મરણ છે. સંસારીઓને એક શરીરથી છૂટીને બીજા શરીરમાં જન્મ ધારણ કરવો પડે છે અર્થાત્ તેઓનું મરણ જન્મસહિત છે. ભગવાનને બીજા દેહની પ્રાપ્તિ નથી તેથી મરણ નથી.

**૧૧–સ્વેદ (પરસેવો)** :—અશુભકર્મના ઉદયથી શરીરમાં પરસેવો થાય છે; ભગવાન તો સ્વરૂપાનંદી સ્વભાવમાં સ્થિર થયા છે, તેમના પરમ્ શુદ્ધ શરીરને પરસેવો હોતો નથી.

**૧૨–ખેદ** :—અપ્રિયવસ્તુના સંયોગથી રંજ થવો તે ખેદ છે. ભગવાનને ખેદ નથી; ભગવાનને કાંઈ અપ્રિયનો સંયોગ જ નથી, કેમકે તેઓ પરિગ્રહ અને મૂર્છા રહિત છે.

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.** **–શ્રી નિયમસાર**

**૧૩–મદ** :—ઉત્તમકૂળ, અતુલબળ વગેરે હોવામાં આત્માના ભાવમાં અહંકાર થવો તે મદ છે. મદ તો રાગીને હોય છે. ભગવાન વીતરાગ છે તેમને મદ નથી. ભગવાનને વચનની મધૂરાશ છે તેનો મદ નથી, મનોજ્ઞ (મનને ગમે તેવું) સુંદર શરીર છે તેનું અભિમાન નથી, જાતિનું અભિમાન નથી, શરીરનું અતુલબળ છે અને આત્માનું અનંતબળ (વીર્ય) છે તેનું અભિમાન નથી, ઉત્તમ કુળનું અભિમાન નથી, સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિનો મદ નથી. ભગવાન તો ક્ષાયક સમકિતધારી છે અને પોતાના નિર્મળ નિર્માન સ્વભાવમાં દળી ગયા છે, ત્યાં પરનું અભિમાન નથી.

**૧૪–રતિ** :—ભગવાનને પરવસ્તુમાં વહાલ નથી. (દ્વેષ પણ નથી). પોતાનું સ્વરૂપ જ વહાલમાં વહાલું છે, સ્વરૂપના આનંદના અનુભવમાં જ લીનતા છે ત્યાં પરમાં ક્યાંય પ્રીતિ નથી.

**૧૫–આશ્ચર્ય** :—ભગવાનને આશ્ચર્ય નથી. કેમ કે આશ્ચર્ય તો ન દેખ્યું હોય કે ન જાણ્યું હોય એવું બને તેમાં થાય, પણ ભગવાનના જ્ઞાનમાં ન જણાયું હોય એવું કોઈ દ્રવ્ય, કોઈ ગુણ કે કોઈ પર્યાય નથી, ત્યાં ભગવાનને આશ્ચર્ય કોનું?

**૧૬–નિદ્રા** :—નિદ્રા તે દર્શનાવરણીયની સર્વઘાતિ પ્રકૃતિ છે ભગવાનને દર્શનાવરણ કર્મ નથી તેથી નિદ્રા નથી.

**૧૭–જન્મ** :—પુણ્ય–પાપના કારણે દેવ–મનુષ્ય વગેરે ચાર ગતિમાં દેહ ધારણ કરવો તે જન્મ છે. ભગવાનને ચારગતિના ભ્રમણના કારણરૂપ ચાર ઘાતિકર્મનો નાશ હોવાથી જન્મ નથી.

**૧૮–આકુળતા** :—ભગવાનને આકુળતા નથી. ભગવાન તો સ્વરૂપમાં જ લીન વર્તે છે, એક સમય પણ પરને ભજતા નથી.

આ રીતે અરિહંત ભગવાનનું સ્વરૂપ અઢાર મહાદોષોથી રહિત છે. સમસ્ત સંસારના પ્રાણીઓ, ઈન્દ્રથી તે નારકી આદિ બધા અઢાર દોષોથી વ્યાપ્ત છે. દેવ–દેવી બધા અઢાર દોષ સહિત છે. ભગવાન જ અઢાર દોષથી રહિત છે, તેની ઓળખાણ એ જ આત્માની ઓળખાણનું કારણ છે. તે સિવાય કુળદેવી કે શાસનદેવી વગેરે જન્મમરણ સહિત છે. તેની માન્યતા–પૂજા વગેરે કરે છે તેને સંસારની રુચિ છે. જો વીતરાગતાની રુચિ હોય તો સાક્ષાત્ ભગવાનને જ કેમ નથી ભજતા? દેવ–દેવી પણ ભગવાનને પૂજે છે; ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના આત્માનું સ્વરૂપ જણાય નહીં. (ક્રમશઃ)❋

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦. –શ્રી નિયમસાર**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૩ બુધવાર)

તત્ત્વનિર્ણય માટે જિનવચન ચારે અનુયોગમય હોવાથી તેનું રહસ્ય જાણવા યોગ્ય છે. તેમાં પ્રથમ દ્રવ્યાનુયોગમાં દ્રવ્યનું કથન હોય છે; બીજા ચરણાનુયોગમાં રાગ ઘટાડવા અને પરિણામ સુધારવા માટે નિમિત્તની પ્રધાનતાથી કથન હોય છે; ત્રીજા કરણાનુયોગમાં પરિણામોની વાત હોય છે અને ચોથા કથાનુયોગમાં ધર્મકથાઓ હોય છે. આ સર્વનો બધા પડખાથી મેળ કરીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ. જે કહ્યું છે તેનો મેળ કરવો. જેમ કોઈએ નાત કરી હોય, ત્યાં છોકરાને ભલામણ કરી હોય કે દાળ મોળી થાય તો મરચાં-મીઠાની થાળી ફેરવજે, એટલે બધા જરૂર પૂરતું મરચું વગેરે લઈ લેશે—એમ કહ્યું હોય, અને હજી કોઈની થાળીમાં કાંઈ પીરસાણું જ ન હોય ત્યાં સૌથી પહેલાં મરચાં-મીઠાની થાળી લઈને પીરસવા જાય તો જમનારા માલ વગર મરચું-મીઠું નાખશે શેમાં? પણ ત્યાં તો મેળ કરે, પહેલાં બધું પીરસે અને પાછળથી બધું પીરસી રહ્યા પછી મરચાં-મીઠાની થાળી ફેરવે; તેમ અહીં ધર્મ કરવા માટે મેળ કરવો જોઈએ. આત્મા વસ્તુ શું , નવ તત્ત્વ શું તેના નિર્ણયરૂપી માલ વગર (વ્રત-તપ રૂપી) મરચાં-મીઠાની થાળી ફેરવી નાખે તો તેમાં ધર્મ ન થાય. આત્માના નિર્ણય વિના વ્રત-તપ કરવા મંડી જાય એ માલ વિનાના એકલા મરચાં-મીઠા જેવું છે.

ભગવાનના વચનો તો અપાર છે, તેનો પાર તો શ્રી ગણધરદેવ પણ પામી શક્યા નથી; માટે વીતરાગે કહેલા તત્ત્વમાં પ્રયોજનભૂત રકમનો પ્રથમ નિશ્ચય કરવો જોઈએ. પ્રયોજનભૂત રકમમાં જો ફેર પડ્યો તો તત્ત્વનો નિર્ણય નહીં થાય. જેમ જગતમાં કોઈને બે દુકાન હોય, એકમાં હીરા—માણેકનો વેપાર હોય અને બીજીમાં કપાસીયાનો વેપાર હોય; તેમાં હીરાની દુકાને પેદાશ હોય અને કપાસીયાની દુકાને ખોટ હોય તો ખોટ પૂરી પડે, પણ જો હીરાની દુકાને ખોટ હોય અને કપાસીયાની દુકાને નફો થતો હોય તો હીરાની દુકાનની ખોટ પૂરી પડે નહીં. ત્યાં તો હીરાની દુકાનનું બરાબર ધ્યાન રાખે,

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧. –શ્રી નિયમસાર**

કેમકે મૂળ રકમ હીરાની દુકાન છે; તેમ આત્માના સ્વરૂપના નિર્ણયમાં ભૂલ તે ઝવેરાતની દુકાને ખોટ છે અને દયા, દાન, ભક્તિ વગેરે પુણ્યભાવમાં રોકાણો તે કપાસીયાની દુકાને નફો છે, પણ તે નફાથી સ્વરૂપના નિર્ણયમાં ભૂલની જે ખોટ છે તે પૂરી પડવાની નથી. ગઈકાલે કાઠી–આપાનો દાખલો આપ્યો હતો કે તે રોકડી રકમનો નકાર કરે છે તો ચોપડામાંથી તેને કાઢવો શી રીતે? તેમ પ્રયોજનભૂત રકમનો નિર્ણય કર્યા વિના પુણ્ય કરે તોપણ તેમાં ધર્મ નથી, તેથી ચોરાશીના ચોપડેથી તેના છૂટકારા થાય નહીં. માટે હે જીવ! તારે એ જ શીખવા યોગ્ય છે કે જેનાથી જન્મ–મરણનો નાશ થાય. તત્ત્વનો નિર્ણય પ્રથમ જ કરવા યોગ્ય છે. જગત ભલે ગાંડો કહે, નિંદા કરે, પણ આ તત્ત્વનો નિર્ણય ચૂકીશ નહીં. શ્રી સમયસારજીમાં તો કહ્યું છે કે આ તત્ત્વ શું છે તેનું એકવાર કુતૂહલ તો કર! આ બધી આબરુંનું, કિર્તીનું, પૈસાનું, કુટુંબનું મારાપણું માનીને 'પડ' માંડી છે તેને ભૂલીને અંદર આત્મામાં પડી તાગ લગાવ. જેમ કૂવામાં કોશીયો મારી તાગ લાવે છે તેમ આત્મામાં તાગ લાવ. દુનિયાને ભૂલીને–મરીને પણ અંતરતત્ત્વ શું છે એમ અંદર જોવા માટે એકવાર પડ તો ખરો! 'મરીને પણ' એટલે કે ગમે તેટલી પ્રતિકૂળતા વેઠીને પણ કુતૂહલ કર; અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો પણ હવે એકવાર આત્માને અર્થે દેહ ગાળ તો ભવ રહે નહીં. દુનિયાને ભૂલ, દુનિયાની પરવા છોડીને, આત્માના રસમાં મસ્ત થઈ જા, પુરુષાર્થ કરી અંતરના પડદાને તોડી નાખ! જેમ લોકો પેઢી ચલાવતા હોય ત્યાં અમુક લાભદાયક વસ્તુના મુખ્ય વેપાર કરે, તેમ ત્રિલોકનાથ તીર્થંકરદેવની ધર્મની ધીખતી પેઢીમાં મૂળ–પ્રયોજનભૂત રકમો અનેક છે તે નિર્ણયપૂર્વક અવશ્ય જાણવી જોઈએ. કહ્યું છે કે :—

अन्तो णत्थि सुईणं कालो थोओवयं च दुम्मेहा।
तं णवर सिक्खियव्वं जिं जरमरणक्खयं कुणहि॥९८॥ (પાહુડ દોહા)

શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે, અમે અલ્પબુદ્ધિવાળા છીએ, તેથી હે જીવ! તારે તે શીખવા યોગ્ય છે કે જેનાથી તું જન્મ–મરણનો નાશ કરી શકે. મોક્ષમાર્ગમાં જરૂરીયાતવાળી કઈ કઈ રકમ છે તે અહીં દર્શાવે છે. પહેલી રકમ 'જિનધર્મ' મૂકી છે.

૧. જિનધર્મ :—ત્રિલોકનાથ તીર્થંકરદેવની ધર્મની ધીખતી પેઢી, કે જ્યાં અષાઢી મેઘની ધારા સમાન ધોખ માર્ગ પ્રવર્તાવનાર વાણી છૂટતી હોય, તેના માર્ગનું શું કહેવું? જિનધર્મ એ જ પરમ સત્યધર્મ છે, તેની ઓળખાણ દ્વારા નિર્ણય કરવો જોઈએ.

**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨. –શ્રી નિયમસાર**

૨. જિનમત :—જેણે આત્માના સ્વભાવથી રાગ-દ્વેષ જીત્યા તે જિન તેમનો મત શું છે? તેઓ શું કહે છે? તે જાણવું જોઈએ.

૩–૪. દેવ-કુદેવ :—સિદ્ધ અને અરિહંત એ બન્ને દેવ છે. તેમાં અરિહંત દેવ કોને કહેવા? તેમનું લક્ષણ શું છે? એ જાણવું જોઈએ; તેથી વિરુદ્ધ હોય તે કુદેવ છે.

૫–૬. ગુરુ-કુગુરુ :—સાચા ગુરુ કોણ છે? વેશ ધારણ કરી લીધો માટે ગુરુ—એમ નથી. દરેક પોતાને સાચા જ કહેવડાવે છે, પણ તેમાં સાચા કોણ છે અને દંભી કોણ છે તેનો નિર્ણય કરવો જોઈએ.

૭–૮. શાસ્ત્ર-કુશાસ્ત્ર :—અનેક શાસ્ત્રો છે તેમાંથી સાચા ક્યા, અને ખોટા ક્યા? ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં કહેવાયેલા તત્ત્વનું સ્વરૂપ બતાવનારા શાસ્ત્ર ક્યા છે અને તેનાથી વિરુદ્ધ ક્યા છે તેનો નિર્ણય કરવો પડશે.

બધી પ્રયોજનભૂત રકમનો યથાર્થ નિર્ણય કરવો પડશે. કેમકે પ્રયોજન-ભૂત રકમના નિર્ણય વગર તત્ત્વજ્ઞાન હોઈ શકે નહીં. એ પ્રયોજનભૂત રકમો કહેવાય છે, તેમાં આઠ કહેવાણી, વિશેષ કહેવાશે.

તત્ત્વજ્ઞાનનો નિર્ણય કરવા માટે મૂળ રકમ—પ્રયોજનભૂત રકમ કઈ કઈ છે તે કહેવાય છે. વીતરાગના કહેલા માર્ગમાં આત્મસ્વભાવ શું છે, સાચા તત્ત્વ શું છે અને ખોટા માનેલા તત્ત્વો શું છે તેનો નિર્ણય કર્યા વિના ધર્મના નામે ત્યાગ કરે, તપ કરે, વ્રત-દાન વગેરેની શુભ પ્રવૃત્તિ કરે અને તેમાં કષાય ઘટાડે તો પુણ્ય થાય પણ ધર્મ ન થાય. જેનાથી જન્મ-મરણ મટે એવા વીતરાગે કહેલા મૂળ તત્ત્વના સાચા જ્ઞાન વગર વ્રત-તપાદિ બધા કાર્યો એકડા વગરના મીંડાં સમાન છે. જિનધર્મ શું છે અને સર્વજ્ઞ વીતરાગનો કહેલો સાચો મત શું છે તે જાણવું પડશે. જગતમાં બધાં જીવો પોતાના માનેલા દેવને સાચા જ કહે છે, ધર્મના નામે સૌ કહે છે કે અમે અમારા દેવ-ગુરુની આજ્ઞા માનીએ છીએ; પરંતુ સત્ય-અસત્યનો પરીક્ષા દ્વારા નિર્ણય કર્યા વિના સાચા દેવ-ગુરુને માનતો હોય તોપણ તે જૂઠ્ઠો જ છે, અન્યમતિમાં અને તેનામાં જરાય ફેર નથી. એ વાત આગળ (ભાદરવા સુદ ૧ ના વ્યાખ્યાનમાં) આવશે. જિનધર્મને સમજેલા અને સમજાવનારા સાચા ગુરુ કેવા હોય તે જાણવું જોઈએ. બાહ્ય સાધુનો વેશ ધારણ કરી લીધો હોય, અને બહારની ક્રિયા બરાબર પાળતો હોય, પણ અંતરના ગુણમાં

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩. –શ્રી નિયમસાર**

ગુરુપણાની લાયકાત ન હોય તો તે કુગુરુ છે. આઠ બોલ સુધી ગઈ કાલે આવ્યું હતું.

૯–૧૧. ધર્મ-અધર્મ-કુધર્મ :—ધર્મ એ તો વસ્તુનો સ્વભાવ છે, એ કાંઈ બહારથી આવતો નથી. અધર્મ એટલે કે જેમાં ધર્મની કાંઈ ખબર જ ન હોય, એ તરફનું વલણ જ ન હોય એ અધર્મ છે. ધર્મ તો વસ્તુનો સનાતન સ્વભાવ છે, એ કાંઈ સાધારણ નથી. ચાર જ્ઞાનના ધણી ગણધરદેવ અને ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે મહાન વ્યક્તિઓ જેનો આદર કરે છે એવો ધર્મ તે સાધારણ હાલીદુવાલી લોકો કહે છે તેવો નથી. ધર્મ તો અપૂર્વ ચીજ છે. ધર્મને નામે ઘણાં ઉપદેશ કરે છે કે ખૂબ પુણ્ય કરો એટલે ધર્મ થશે, પુણ્ય કરી કરીને પુણ્યનો સમુદ્ર છલકાવી દો એટલે પુણ્ય ફાટીને તેમાંથી ધર્મ પ્રગટ થશે. એનો અર્થ એવો થયો કે ખૂબ ઝેર પીતાં પીતાં અમૃતનો સ્વાદ આવી જશે. એમ કહેનાર પોતે ધર્મનું સ્વરૂપ સમજ્યા નથી. પુણ્ય તો બંધભાવ છે, જે ભાવે પરાધીનતા થાય, બંધન પડે તે ભાવે સ્વાધીનતારૂપ ધર્મનો અંશ પણ થાય નહીં. ધર્મના સ્વરૂપથી વિપરીત માન્યતા તે કુધર્મ છે.

૧૨–૧૩. હેય-ઉપાદેય :—આદરવા યોગ્ય તત્ત્વો ક્યા ક્યા છે અને ત્યાગવા યોગ્ય તત્ત્વો ક્યા ક્યા છે તેનો નિર્ણય કરવો જોઈએ.

સાચા દેવ-ગુરુ-ધર્મનો સંશય રહિત ચોક્કસપણે નિર્ણય કરવો જોઈએ. અજ્ઞાનપણું તે બચાવ નથી પણ દોષ છે. લોકો કહે છે કે "આંધળાની ગાયના અલ્લા રખવાળ", પણ એ વાત અહીં ધર્મમાં ચાલે તેમ નથી. આ તો જન્મ-મરણ ટાળવાની વાત છે. પરમ સત્યધર્મમાં અંધશ્રદ્ધાથી ધર્મ થઈ જાય એવું નથી. અહીં પોપાબાઈનું રાજ નથી; આ તો સ્વરૂપ-માર્ગ છે, અનંતા તીર્થંકરોનો માર્ગ છે; તેમાં તત્ત્વની શ્રદ્ધામાં જરા પણ ખામી ચાલે નહીં.

૧૪–૧૬. તત્ત્વ-અતત્ત્વ-કુતત્ત્વ :—સર્વજ્ઞ ભગવાને કહેલા નવ તત્ત્વનું સ્વરૂપ શું છે? તત્ત્વથી વિપરીત શું છે? અને અજ્ઞાનીઓએ માનેલું તત્ત્વનું સ્વરૂપ તે કુતત્ત્વ શું છે? અર્થાત્ ખાલી જૂઠ્ઠી વાતોથી કલ્પના દ્વારા બીજાઓએ માનેલું શું છે? એ બધાનો યથાર્થ નિર્ણય આગમ દ્વારા કરવો જોઈએ.

**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.** –**શ્રી નિયમસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**चइऊण महामोहं, विसए मुणिऊण भंगुरे सव्वे।**
**णिव्विसयं कुणह मणं, जेण सुहं उत्तमं लहइ॥२२॥**

અર્થ :–હે ભવ્યજીવ! તું સમસ્ત વિષયોને વિનાશીક સાંભળીને મહામોહને છોડી તારા અંતઃકરણને વિષયોથી રહિત કર, જેથી તું ઉત્તમ સુખને પ્રાપ્ત થાય. ૨૨.

અરે જીવ! અમારી પાસેથી તેં ચૈતન્યશક્તિનું શ્રવણ કર્યું અને વિષયોની ક્ષણભંગુરતાને જાણી, તો હવે તો તારા ધ્રુવસ્વભાવની ભાવના કરીને મહામોહને છોડ. વિષયો વિનાશીક છે, એમ જાણીને પર વિષયોની રુચિ છોડીને, સ્વ-વિષયને દૃષ્ટિમાં લે. ચિદાનંદ દ્રવ્યની રુચિ કરીને અને વિષયોની પ્રીતિ છોડીને તારા અંતઃકરણને વિશુદ્ધ કર. તારા અંતરને વિષયોથી ખાલી કર તો તેમાં ચૈતન્યની દૃષ્ટિ સમાશે, વિષયોની અનાદિથી જેવી પ્રીતિ છે તેવી જ પ્રીતિ રહે તો તેને ચૈતન્યસ્વભાવ દૃષ્ટિમાં નહિ આવે. અહીં તો કહે છે કે અહો! જે જીવ આવી અનિત્ય ભાવના સાંભળીને નિત્ય ધ્રુવ એવા સ્વદ્રવ્યની ભાવના કરશે અને ક્ષણિક વિષયોની ભાવના છોડશે તે ભવ્ય જીવ અલ્પકાળમાં સિદ્ધ દશાનાં સુખને પામશે.

ભાવાર્થ :—ઉપર કહ્યા પ્રમાણે સંસાર-દેહ-ભોગ-લક્ષ્મી ઈત્યાદિ સર્વ અસ્થિર દર્શાવ્યા, તેને સાંભળીને જે પોતાના મનને વિષયોથી છોડાવી આ અસ્થિર ભાવના ભાવશે તે ભવ્ય જીવ સિદ્ધપદના સુખને પ્રાપ્ત થશે.

द्रव्यदृष्टितैं वस्तु थिर, पर्यय अथिर निहारि।
उपजत-विनशत देखिकैं हरष-विषाद निवारि॥

અરે જીવ! અનંતકાળ વિષયોમાં હર્ષ-શોક કર્યા પણ તેમાં આત્માનું હિત થયું નથી, માટે વૈરાગ્ય પામીને હર્ષ-શોકને છોડ. દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ સ્થિર છે—એમ જાણીને તેની ભાવના કર! અને પર્યાયદૃષ્ટિથી વસ્તુ અસ્થિર છે—એમ જાણીને તેમાં હર્ષ-શોકને છોડ.

**સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫. –શ્રી નિયમસાર**

અરે જીવ! હવે વૈરાગ્ય પામ...વૈરાગ્ય પામ! તીર્થંકર ભગવંતો દીક્ષા પહેલાં ગૃહસ્થાશ્રમમાં આવી ભાવનાઓ ભાવે છે.

જુઓ, શ્રી ઋષભદેવ ભગવાન રાજસભામાં બિરાજતા હતા, અપ્સરાઓ ભક્તિથી નૃત્ય કરતી હતી, ત્યાં નૃત્ય કરતાં-કરતાં જ નીલાંજના નામની દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. ભગવાનના ખ્યાલમાં તે વાત આવી ગઈ અને તરત જ વૈરાગ્ય પામીને અનિત્ય ભાવના વગેરે બાર ભાવના ચિંતવવા લાગ્યા. અહો! આખો સંસાર અનિત્ય છે. તે વીજળીના ઝબકારાની માફક ક્ષણમાં વિલય પામી જાય છે. અંદર ધ્રુવ ચૈતન્યનું ભાન હતું અને આવી ભાવના ભાવીને વૈરાગ્ય પામીને દીક્ષિત થયા, એ રીતે આ વૈરાગ્ય ભાવનાઓ જીવે ક્ષણે-ક્ષણે ભાવવા જેવી છે.

એ પ્રમાણે પહેલી અધ્રુવ ભાવના પૂરી થઈ. હવે અશરણ ભાવના કહે છે :—

**तत्थ भवे किं सरणं जत्थ सुरिंदाण दीसदे विलओ।**
**हरि हर बंभादीया कालेण य कवलिया जत्थ॥२३॥**

**અર્થ** :—જે સંસારમાં દેવોના ઇન્દ્રોનો પણ વિનાશ જોવામાં આવે છે, જ્યાં હરિ અર્થાત્ નારાયણ, હર અર્થાત્ રુદ્ર અને બ્રહ્મા અર્થાત્ વિધાતા તથા આદિ શબ્દથી મોટા-મોટા પદવીધારક સર્વ કાળ વડે કોળિયો બની ગયા, તે સંસારમાં શું શરણરૂપ છે? કોઈ પણ નહિ. ૨૩.

અહો! પોતાનું ચિદાનંદતત્ત્વ જ જીવને શરણભૂત છે. એ સિવાય ચક્રવર્તીપદ કે બળદેવ-વાસુદેવ પદ વગેરે કાંઈ જીવને શરણ નથી, માટે હે જીવ! તારા સ્વભાવને શરણભૂત જાણીને તેની જ શ્રદ્ધા કર.

સર્વજ્ઞ ભગવાન કહે છે કે હે જીવ! તને બહારમાં શરણ નથી. દેહથી નિરાળો આત્મા જ શરણભૂત છે. મોટા-મોટા રાજાઓ ને ઇન્દ્રો પણ કાળનો કોળિયો થઈ જાય છે, તો જીવને કોણ શરણભૂત છે? કોઈ શરણ નથી. શરણ તો તેને કહેવાય કે જે પોતાની રક્ષા કરે, રક્ષા કરનાર તો પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ છે, તે જ શરણભૂત છે.

**सिहस्स कमे पडिदं, सारंगं जह ण रक्खदे को वि।**
**तह मिच्चुणा य गहिदं, जीवं पि ण रक्खदे को वि॥२४॥**

**અર્થ** :—જેમ જંગલમાં સિંહના પગ તળે પડેલા હરણને કોઈ પણ રક્ષણ કરવાવાળું નથી, તેમ આ સંસારમાં કાળ વડે ગ્રહાયેલા પ્રાણીને કોઈ પણ રક્ષણ આપી શકતું નથી. ૨૪.

**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬. –શ્રી નિયમસાર**

જ્યાં કાળ પૂરો થયો ત્યાં કોણ શરણ થાય તેમ છે? એક ક્ષણ પણ કોઈ શરણભૂત નથી. મોટા રાજાઓ જંગલમાં અશરણપણે મરે છે. મરવા ટાણે ચારેકોર સગાંવહાલાં ઊભાં હોય પણ મરનાર જીવને તે કોઈનું શરણ નથી. જીવને શરણ તો શુદ્ધ રત્નત્રય જ છે. મરણનો દાખલો આપ્યો છે, પરંતુ જીવતાં પણ જીવને કોઈ બીજું શરણભૂત નથી, આમ જાણીને વીજળીના ઝબકારા જેવા આ મનુષ્યદેહમાં ભેદવિજ્ઞાન કરી લ્યો.

**जइ देवो वि य रक्खदि मंतो तंतो य खेत्तपालो य।**
**मियमाणं पि मणुस्सं तो मणुया अक्खया होंति॥२५॥**

**અર્થ :—**મરણને પ્રાપ્ત થતાં મનુષ્યને જો કોઈ દેવ, મંત્ર, તંત્ર, ક્ષેત્રપાલ અને ઉપલક્ષણથી લોકો જેને રક્ષક માને છે તે બધાય રક્ષવાવાળા હોય તો મનુષ્ય અક્ષય થઈ જાય અર્થાત્ કોઈ પણ મરે જ નહિ. ૨૫.

મરતાં મનુષ્યને જો કોઈ મૃત્યુથી બચાવી શકતું હોય તો તો જગતમાં કોઈ મરે જ નહિ, ‘‘મૃત્યુંજય’’ મંત્ર જપે. પણ તે કોઈ જીવને મૃત્યુથી બચાવનાર નથી. જે દોરા-ધાગા કરે છે તે તો તીવ્ર મૂઢતા છે. સર્વજ્ઞનો ભક્ત કુદેવ-દેવલાને માને નહિ, દોરા-ધાગા કરે નહિ. અહો! એક ચૈતન્ય જ શરણ છે. એને સંભાળ, દેહ તો તેના કાળે ચાલ્યો જશે. અહો! અરિહંતોએ કહેલો મારો આત્મસ્વભાવ જ મને શરણ છે. મોહને વશ થઈને જીવ મંત્ર-તંત્ર-પૂજા વગેરે ઉપાય વડે જીવન રાખવા માગે છે, પણ તે કોઈ શરણ થતું નથી. એકનો એક જુવાન દીકરો મરવાની તૈયારીમાં હોય અને કોઈ કહે કે અમુક માન્યતા કરો તો દીકરો મરતો બચી જશે, તો ભગવાનનો ભક્ત તેને માને નહિ. ધર્મનું ફળ અમર છે, તેથી ધર્મ જ અમરફળ છે. એ સિવાય બીજું કોઈ ‘અમરફળ’ દુનિયામાં નથી.

**अइ-बलिओ वि रउद्दो मरण-विहीणो ण दीसदे को वि।**
**रक्खिज्जंतो वि सया रक्ख-पयारेहिं विविहेहिं॥२६॥**

**અર્થ :—** આ સંસારમાં અતિ બળવાન, અતિ રૌદ્ર-ભયાનક અનેક રક્ષણના પ્રકારોથી નિરંતર રક્ષણ કરવામાં આવતાં છતાં પણ મરણ રહિત કોઈ પણ દેખાતું નથી. ૨૭.

મજબૂત કિલ્લામાં રહે ને ચારે કોર ચોકી રાખે છતાં પણ મૃત્યુથી કોઈ બચી શકતું નથી. પર્યાય તો પલટી જશે જ, માટે તેની સામે ન જો, નિત્ય ચિદાનંદ પ્રભુ એવો તારો આત્મા જ તને શરણભૂત છે, માટે તેની સામે જોઈને તેની ભાવના કર. અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ એમ કહેવાય તે નિમિત્તથી છે, ખરેખર તે કોઈ જીવને શરણ આપવા આવતા નથી. શરણ તો પોતાનો આત્મા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ જીવનું સાચું શરણ છે. ગમે

**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭. –શ્રી નિયમસાર**

તે ઉપાયથી દેહનું રક્ષણ કરવા માગે તો તે થઈ શકે તેમ નથી, ઉપયોગને અંતરમાં વાળીને જેણે ચૈતન્યમાં સ્થિર કર્યો તેણે પોતાના ઉપયોગનો એવો ગઢ રચ્યો કે દેહમાં લાખો વીંછી કરડે તો ય ચૈતન્યનું શરણ છૂટે નહિ. આવા ચૈતન્યને ઓળખીને તેનું શરણ કરવા જેવું છે. તેના સિવાય જગતમાં કોઈ શરણ નથી.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં બાર વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે. તીર્થંકરો પણ આવી વૈરાગ્ય ભાવનાઓ છદ્મસ્થ અવસ્થામાં ભાવે છે. આત્મસ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ બાર ભાવનાઓ છે. ભવ્ય જીવોને આ વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન આનંદ ઊપજાવનારું છે. બાર ભાવનામાં અધ્રુવ ભાવનાનું વર્ણન પૂરું થયું છે, હવે બીજી અશરણ ભાવના ચાલે છે. જીવને પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા સિવાય બીજું કોઈ શરણ જગતમાં નથી, એક ધ્રુવ ચિદાનંદ આત્મા જ શરણ છે. ઉપયોગને અંતરમાં વાળીને જે એકાગ્ર થયો તેણે આત્માની રક્ષાનો ગઢ કર્યો, તેમાં કોઈ રોગ-શસ્ત્ર કે પ્રતિકૂળતા નડે નહિ. ચૈતન્યને ભૂલીને પરનું શરણ જે શોધે છે, તે અજ્ઞાની છે. (ક્રમશઃ) ❋

## શ્રી નાટક સમયસાર
## સંવર અધિકારનો સાર

પૂર્વ અધિકારમાં કહેતા આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે, તેથી આસ્રવનો નિરોધ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર છે. આ સંવર-નિર્જરાનું અને અનુક્રમે મોક્ષનું કારણ છે. જ્યારે આત્મા સ્વયંબુદ્ધિથી અથવા શ્રીગુરુના ઉપદેશ આદિથી આત્મા—અનાત્માનું ભેદવિજ્ઞાન અથવા સ્વભાવ-વિભાવની ઓળખાણ કરે છે ત્યારે સમ્યગ્દર્શનગુણ પ્રગટ થાય છે. સ્વને સ્વ અને પરને પર જાણવું એનું જ નામ ભેદવિજ્ઞાન છે, એને જ સ્વ-પરનો વિવેક કહે છે. 'તાસુ જ્ઞાનકૌ કારન સ્વ-પર વિવેક બખાનૌ' અર્થાત્ ભેદવિજ્ઞાન સમ્યગ્દર્શનનું કારણ છે. જેવી રીતે કપડાં સાફ કરવામાં સાબુ સહાયક છે તેવી જ રીતે સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં ભેદવિજ્ઞાન સહાયક થાય છે અને જ્યારે કપડાં સાફ થઈ જાય ત્યારે સાબુનું કાંઈ કામ રહેતું નથી અને જો સાબુ હોય તો એક ભાર જ લાગે છે; તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી જ્યારે સ્વ-પરના વિકલ્પની આવશ્યકતા નથી રહેતી ત્યારે ભેદ-વિજ્ઞાન જોકે હેય છે તોપણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ હોવાથી ઉપાદેય છે, તેથી સ્વગુણ અને પરગુણની ઓળખાણ કરીને પર-પરિણતિથી વિરક્ત થવું જોઈએ અને શુદ્ધ અનુભવનો અભ્યાસ કરીને સમતાભાવ ગ્રહણ કરવો જોઈએ.

# સમ્યક્ત્વપૂર્વક વ્રતનો ઉપદેશ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સમ્યગ્દર્શન થતાં શુદ્ધતા પ્રગટે છે ને ધર્મ શરૂ થાય છે. ધર્મીને રાગમાં એકત્વબુદ્ધિ ન હોવા છતાં, દેવપૂજા ગુરુભક્તિ શાસ્ત્રસ્વાધ્યાય વગેરે સંબંધી શુભરાગ તેને થાય છે, તે રાગને તે કરે છે એમ પણ વ્યવહારે કહેવાય, ને તેને વ્યવહારધર્મ પણ કહેવાય; નિશ્ચયધર્મ તો અંદર ભૂતાર્થસ્વભાવના આશ્રયે જે શુદ્ધિ પ્રગટી તે જ છે. અરે, વીતરાગમાર્ગની અગમ્ય લીલા, રાગવડે વીતરાગમાર્ગ આવે નહિ; શું રાગમાં ઊભો રહીને તારે વીતરાગમાર્ગને સાધવો છે? રાગવડે વીતરાગમાર્ગ કદી નહિ સધાય. રાગ વડે ધર્મ માને એવા જીવની તો અહીં વાત નથી. અહીં તો જેણે ભૂતાર્થસ્વભાવની દૃષ્ટિથી સમ્યગ્દર્શન કર્યું છે તેને આગળ વધતાં મુનિધર્મ કે શ્રાવકધર્મનું પાલન કેવું હોય તેની વાત છે.

સમ્યગ્દર્શન થયું ત્યારે સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવ્યો છે, ત્યાર પછી મુનિપણામાં તો તે અતીન્દ્રિય આનંદનું પ્રચૂર–ઘણું સ્વસંવેદન થાય છે. અહા! મુનિવરોને તો શુદ્ધાત્માના સ્વસંવેદનમાં આનંદની ઘણી પ્રચૂરતા છે. સમયસારની પાંચમી ગાથામાં પોતાનો નિજવૈભવ વર્ણવતાં શ્રી આચાર્ય કુંદકુંદસ્વામી કહે છે કે— ‘‘અનવરત ઝરતા સુંદર આનંદની મુદ્રાવાળું જે અમંદ સંવેદન તે-રૂપ સ્વસંવેદનથી અમારો નિજ-વૈભવ પ્રગટ્યો છે.’’ પોતાને નિઃશંક વેદનમાં આવે છે કે અમને આવો આત્મવૈભવ પ્રગટ્યો છે. જુઓ, આ મુનિદશા! મુનિપણું એ તો સંવરતત્ત્વની ઉત્કૃષ્ટતા છે. જેને આવી મુનિદશાની ખબર નથી તેને સંવર તત્ત્વની ખબર નથી; શરીરમાં દિગંબરપણું થયું કે પંચમહાવ્રતનો શુભરાગ થયો—એને જ મુનિપણું માની લેવું તે કાંઈ સાચું નથી; ને વસ્ત્રસહિત દશામાં મુનિપણું માને તેને તો ગૃહીતમિથ્યાત્વ પણ છૂટ્યું નથી; મુનિદશાને યોગ્ય પરમ સંવરની ભૂમિકામાં તીવ્ર રાગના કેવા કેવા નિમિત્તો છૂટી જાય તેની પણ તેને ખબર નથી, એટલે તે ભૂમિકાની શુદ્ધતાને પણ તેણે જાણી નથી. વસ્ત્રરહિત થયો હોય, પંચમહાવ્રત દોષરહિત પાળતો હોય, પણ જો અંદર ત્રણ કષાયના અભાવરૂપ શુદ્ધોપયોગ નથી તો તેનેય મુનિપણું નથી. મુનિમાર્ગ તો અલૌકિક છે.

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮. –શ્રી નિયમસાર**

મહાવિદેહમાં અત્યારે સીમંધર પરમાત્મા સાક્ષાત્ તીર્થંકરપણે બિરાજે છે તેઓ આવો જ માર્ગ પ્રકાશી રહ્યા છે. એવા અનંતા તીર્થંકરો થયા, લાખો સર્વજ્ઞભગવંતો અત્યારે વિદેહમાં વિચરે છે ને ભવિષ્યમાં અનંતા થશે, તેમની વાણીમાં મુનિપણાનો એક જ માર્ગ કહ્યો છે. અહીં કહે છે કે હે જીવ! આવું મુનિપણું અંગીકાર કરવા જેવું છે; જો તે અંગીકાર ન કરી શકે તો તેની શ્રદ્ધા રાખીને શ્રાવકધર્મ પાળજે.

શ્રાવક શું કરે?

તો કહે છે કે શ્રાવક પ્રથમ તો હંમેશા દેવપૂજા કરે. દેવ એટલે સર્વજ્ઞદેવ, તેમનું સ્વરૂપ ઓળખીને તેમના પ્રત્યે બહુમાનપૂર્વક રોજ રોજ દર્શન–પૂજન કરે. પહેલાં જ સર્વજ્ઞની ઓળખાણની વાત કરી હતી. પોતે સર્વજ્ઞને ઓળખ્યા છે ને પોતે સર્વજ્ઞ થવા માંગે છે ત્યાં નિમિત્તપણે સર્વજ્ઞતાને પામેલા અર્હન્તભગવાનના પૂજન–બહુમાનનો ઉત્સાહ ધર્મીને આવે છે. જિનમંદિર બંધાવવા, તેમાં જિનપ્રતિમા સ્થાપવા, તેની પંચકલ્યાણકપૂજા–અભિષેક વગેરેના ઉત્સવ કરવા, એવા કાર્યોનો ઉલ્લાસ શ્રાવકને આવે છે,–એવી એની ભૂમિકા છે તેથી તેને શ્રાવકનું કર્તવ્ય કહ્યું છે. જો તેનો નિષેધ કરે તો મિથ્યાત્વ છે. અને માત્ર એટલા શુભ રાગને જ ધર્મ સમજી લ્યે તો તેને શ્રાવકપણું હોતું નથી —એમ જાણવું. સાચા શ્રાવકને તો દરેક ક્ષણે ભેગું શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ વર્તે છે, ને તેના આધારે જેટલી શુદ્ધતા થઈ તેને જ ધર્મ જાણે છે. આવી દ્રષ્ટિપૂર્વક તે દેવપૂજા વગેરે કાર્યોમાં પ્રવર્તે છે. સમન્તભદ્રસ્વામી, માનતુંગસ્વામી વગેરે મોટા મોટા મુનિઓએ પણ સર્વજ્ઞદેવની નમ્રતાપૂર્વક મહાન સ્તુતિ કરી છે; એકાવતારી ઈન્દ્રો પણ રોમરોમ ઉલ્લસી જાય એવી અદ્ભુત ભક્તિ કરે છે. 'હે સર્વજ્ઞ પરમાત્મા! આ પંચમકાળે અમને તારા જેવી પરમાત્મદશાનો તો આત્મામાં વિરહ, ને ભરતક્ષેત્રમાં તારા સાક્ષાત્ દર્શનનો પણ વિરહ! નાથ, તારા દર્શન વિના કેમ રહી શકું? –એમ ભગવાનના વિરહમાં તેની પ્રતિમાને સાક્ષાત્ ભગવાન સમાન જાણીને શ્રાવક હંમેશા દર્શન–પૂજન કરે.—'જિનપ્રતિમા જિનસારખી.' કેમકે ધર્મીને સર્વજ્ઞનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં ભાસ્યું છે, તેથી જિનબિંબને જોતાં તેને તે સ્મરણમાં આવે છે. નિયમસાર–ટીકામાં પદ્મપ્રભમુનિરાજ કહે છે કે જેને ભવભયરહિત એવા ભગવાન પ્રત્યે ભક્તિ નથી તે જીવ ભવસમુદ્રના વચ્ચે મગરના મુખમાં પડેલો છે. જેમ સંસારના રાગી પ્રાણીને સ્ત્રીનો વિરહ કેવો ખટકે છે? ને તેના સમાચાર મળતાં કેવો રાજી થાય છે? તેમ ધર્મના પ્રેમી જીવને

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.　　–શ્રી નિયમસાર**

સર્વજ્ઞ પરમાત્માનો વિરહ ખટકે છે, ને તેની પ્રતિમાના દર્શન કરતાં કે સંતો દ્વારા તેનો સન્દેશ સાંભળતાં(—શાસ્ત્રનું શ્રવણ કરતાં) તેને પરમાત્મા પ્રત્યે ભક્તિ ને ઉલ્લાસ આવે છે : 'અહો મારા નાથ! તનથી–મનથી–ધનથી સર્વસ્વથી તારા માટે શું શું કરું!' આ પદ્મનંદીસ્વામી જ શ્રાવકનાં છ કર્તવ્ય બતાવતાં 'ઉપાસકસંસ્કાર' માં કહે છે કે જે મનુષ્ય જિનેન્દ્રભગવાનને ભક્તિથી નથી દેખતો તથા તેમની પૂજા–સ્તુતિ નથી કરતો તેનું જીવન નિષ્ફળ છે, તેના ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે. મુનિ આથી વિશેષ શું કહે? માટે ભવ્ય જીવોએ પ્રાતઃ ઊઠીને સૌ પ્રથમ દેવ–ગુરુનાં દર્શન તથા ભક્તિથી વંદન અને શાસ્ત્રશ્રવણ કર્તવ્ય છે,–બીજા કાર્યો પછી કરવાં.(ગાથા–૧૫, ૧૬, ૧૭)

પ્રભો! આપને ઓળખ્યા વગર મારો અનંતકાળ નિષ્ફળ ગયો; પણ હવે મેં આપને ઓળખ્યા છે. આપના પ્રસાદથી આપના જેવો મારો આત્મા મેં ઓળખ્યો છે; આપની કૃપાથી મને મોક્ષમાર્ગ મળ્યો ને હવે મારા જન્મ-મરણનો છેડો આવી ગયો.—આમ ધર્મીજીવને દેવ–ગુરુ પ્રત્યે ભક્તિનો પ્રમોદ આવે છે. શ્રાવકને સમ્યગ્દર્શનની સાથે આવા ભાવો હોય છે—એમ અહીં બતાવવું છે. એમાં જેટલો રાગ છે તેટલું પુણ્ય છે, રાગ વગરની જેટલી શુદ્ધિ છે તેટલો ધર્મ છે.

શ્રાવક જિનપૂજાની જેમ હંમેશા ગુરુની ઉપાસના કરે તથા હંમેશાં શ્રુતની સ્વાધ્યાય કરે. સમસ્ત તત્ત્વોનું નિર્દોષસ્વરૂપ જેનાથી દેખાય એવું જ્ઞાનનેત્ર ગુરુઓના પ્રસાદથી જ પ્રાપ્ત થાય છે. જે જીવ નિર્ગ્રંથ ગુરુઓને માનતો નથી, તેમની ઓળખાણ અને ઉપાસના કરતો નથી. તેને તો સૂરજ ઊગવા છતાં અંધારું છે. એ જ રીતે વીતરાગી ગુરુઓએ પ્રકાશેલા સત્‌શાસ્ત્રોનો જે અભ્યાસ નથી કરતો, તેને નેત્ર હોવા છતાં વિદ્વાનો અંધ કહે છે. વિકથા વાંચ્યા કરે ને શાસ્ત્રસ્વાધ્યાય ન કરે—એના નેત્ર શા કામના? શ્રીગુરુ પાસે રહીને જે શાસ્ત્ર સાંભળતો નથી ને હૃદયમાં ધારણ કરતો નથી તે મનુષ્યને કાન તથા મન નથી–એમ કહ્યું છે. (ઉપાસકસંસ્કાર ગાથા ૧૮ થી ૨૧ )

આ રીતે દેવપૂજા, ગુરુસેવા ને શાસ્ત્રસ્વાધ્યાય એ શ્રાવકનું હંમેશનું કર્તવ્ય છે. જે ઘરમાં દેવ–ગુરુ–શાસ્ત્રની ઉપાસના થતી નથી તે તો ઘર નથી પણ જેલખાનું છે. જેમ ભક્ત-પુત્રને પોતાની માતા પ્રત્યે કેવો વાત્સલ્યભાવ ને ભક્તિ આવે છે! અહો, મારી માતા! તારા ઉપકાર અપાર છે. તારે માટે શું–શું કરું!! તેમ ધર્માત્મા શ્રાવકને તથા

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦. –શ્રી નિયમસાર**


જિજ્ઞાસુ જીવને ભગવાન પ્રત્યે, ગુરુ પ્રત્યે ને જિનવાણી માતા પ્રત્યે અંતરથી ભક્તિનો ઉમળકો આવે છે : અહો, મારા નાથ! તમારા માટે હું શું–શું કરું? ક્યા પ્રકારે તમારી સેવા કરું! આવો ભાવ ભક્તને ઊછળ્યા વગર રહેતો નથી. છતાં તેની જેટલી હદ છે તેટલી તે જાણે છે. માત્ર તે રાગમાં ધર્મ માનીને રોકાઈ જતો નથી, ધર્મ તો અંતરના ભૂતાર્થસ્વભાવના અવલંબને છે–તે સ્વભાવને પ્રતીતમાં લીધો છે. આવા સમ્યગ્દર્શનસહિત મુનિધર્મ ન પાળી શકે તો શ્રાવકધર્મનું પાલન કરે તેનું આ વર્ણન છે.

શ્રાવકધર્મમાં છ કર્તવ્યને મુખ્ય કહ્યાં છે. એક જિનપૂજા, બીજું ગુરુસેવા ને ત્રીજું શાસ્ત્રસ્વાધ્યાય–એ ત્રણની વાત કરી. તે ઉપરાંત પોતાની ભૂમિકાને યોગ્ય સંયમ, તપ અને દાન પણ શ્રાવક હંમેશા કરે. વિષયોમાં સુખબુદ્ધિ તો પહેલેથી છૂટી ગઈ છે, તે ઉપરાંત વિષય–કષાયોમાંથી પરિણતિ પાછી વાળીને અંતરમાં એકાગ્રતાનો રોજ–રોજ અભ્યાસ કરે. મુનિરાજને તેમ જ સાધર્મીધર્માત્માને આહારદાન, શાસ્ત્રદાન વગેરેની ભાવના પણ રોજ–રોજ કરે. ભરતચક્રવર્તી જેવાય શ્રાવકપણામાં જમવા ટાણે રોજ ભક્તિથી મુનિવરોને યાદ કરે છે કે કોઈ મુનિરાજ પધારે તો તેમને આહારદાન દઈને હું જમું. મુનિરાજ પધારતાં અત્યંત ભક્તિપૂર્વક આહારદાન કરે છે. દાન વગરના ગૃહસ્થપણાને નિષ્ફળ કહ્યું છે. જે પુરુષ મુનિ વગેરેને ભક્તિથી ચતુર્વિધદાન (આહાર–શાસ્ત્ર–ઔષધ અને અભય એ ચાર પ્રકારના દાન) નથી દેતો તેનું ઘર ખરેખર ઘર નથી પણ તેને બાંધવા માટેનો બંધપાશ છે—એમ દાનસંબંધી ઘણો ઉપદેશ પદ્મનંદીસ્વામીએ આપ્યો છે. (જુઓ ઉપાસકસંસ્કાર અધિકાર ગાથા ૩૧ થી ૩૬) શ્રાવકની ભૂમિકામાં ચૈતન્યની દૃષ્ટિ સહિત આવા છ કાર્યોનાં ભાવ સહજ હોય છે.

'શ્રાવકધર્મપ્રકાશ' એટલે કે ગૃહસ્થાશ્રમમાં સમ્યક્ત્વપૂર્વક ધર્મનો પ્રકાશ થઈને વૃદ્ધિ થાય તેનું આ વર્ણન છે. પ્રથમ તો સમ્યગ્દર્શનની દુર્લભતા બતાવી. આમ તો સમ્યગ્દર્શન સદાકાળ દુર્લભ છે, તેમાં પણ અત્યારે તો તેની સાચી વાત સાંભળવા મળવી પણ દુર્લભ થઈ ગઈ છે. અને સાંભળવા મળે તોપણ ઘણા જીવોને તેની ખબર પડતી નથી. અહીં કહે છે કે આવું દુર્લભ સમ્યગ્દર્શન પામીને ઉત્તમ પુરુષોએ મુનિધર્મ અંગીકાર કરવો, વૈરાગ્યસ્વરૂપમાં રમણતા વધારવી. (ક્રમશઃ)

✻

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧. –શ્રી નિયમસાર**



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૩

**‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં જાણવાનાં પડખાં છે. ‘હું જ્ઞાયક છું, બાકી બધું પર’—આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે, પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે. ૧૩.**

**‘હું જ્ઞાયક ને આ પર’, બાકી બધાં જાણવાનાં પડખાં છે.**

એકલો પ્રભુ જ્ઞાયક, ધ્રુવ, પૂર્ણ અસ્તિવાળું તત્ત્વ—પૂર્ણ સત્તાવાળું, પૂર્ણ હયાતીવાળું જ્ઞાયકતત્ત્વ—તે હું છું, ને આ પર—રાગથી માંડીને શરીર આદિ બધું પર—છે; આ બે જાણ્યાં તેણે બધું જાણ્યું. વસ્તુસ્થિતિ આ છે. એક કોર રામ—પ્રભુ જ્ઞાયક, ને એક કોર ગામ—રાગથી માંડીને બધું પર. રાગ, શરીર, ઇંદ્રિયો ને તેના વિષયો, અનંત સિદ્ધો ને અનંત નિગોદો એ બધું પર છે, ને અંદર જાણનારો જ્ઞાયક ભગવાન આત્મા તે સ્વ છે. એમાં બધું આવી જાય છે; બાકી બીજાં બધાં જાણવાનાં પડખાં છે.

સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં કહ્યું છે : આત્મા—જ્ઞાયકભાવ પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર જે સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો ‘શુદ્ધ’ કહેવાય છે. આત્મા ખરેખર વસ્તુપણે પ્રમત્ત-અપ્રમત્ત નથી, કારણ કે તે શુભ-અશુભ ભાવપણે થયો નથી. પર્યાયમાં તો શુભ-અશુભપણે થાય છે; પરંતુ ત્રિકાળી જ્ઞાયક ભાવ જો શુભ-અશુભ ભાવોરૂપ થાય તો તે જડ થઈ જાય; કેમ કે જ્ઞાયક તો જાણનસ્વભાવી ચૈતન્યપ્રકાશનું પૂર છે અને શુભાશુભ ભાવો તો, જેમાં ચૈતન્યના અંશનો અભાવ છે એવો વિભાવ છે, અજ્ઞાન-અંધકારરૂપ છે એટલે કે ચૈતન્યથી વિરુદ્ધ સ્વભાવવાળા હોવાથી જડ છે. જ્ઞાયક તે-રૂપ થાય તો જડ થઈ જાય, પણ તે-રૂપ થતો નથી; તેથી

**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨. –શ્રી નિયમસાર**

તે પરદ્રવ્ય-ભાવોથી ભિન્ન ‘શુદ્ધ’ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી સૂક્ષ્મ વાતો બહાર ન ચાલે. બહાર તો કોક દી ગયા હોઈએ. અહીં સોનગઢમાં તો બધું ચાલે.

નાઈરોબીમાં પંદર લાખ રૂપિયાના ખર્ચે મંદિર તૈયાર થાય છે, તેની પ્રતિષ્ઠાનું મુરત છે. કરોડો રૂપિયાનાં મંદિરો થયાં, કરોડો રૂપિયા અહીં નખાયા, કરોડો રૂપિયાનાં પુસ્તકો છપાયાં, કરોડો રૂપિયા મહેમાનોની ભોજન-વ્યવસ્થામાં ખર્ચાયા, બબ્બે વાર ઉત્તર-દક્ષિણની યાત્રાઓમાં અનેક લાખો ખર્ચાયા; પણ એ બધી બહારની વાતો છે. જાય કોણ ને આપે કોણ? એ તો જડની ક્રિયા થવાની હોય તો થાય; તે પ્રકારનો શુભ રાગ આવે, છતાં અંદર ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દૃષ્ટિ ખસે નહિ. અંદર સ્વભાવની દૃષ્ટિ હોય—શુદ્ધિ હોય—તો તે યાત્રા વગેરેના ભાવ વ્યવહાર કહેવામાં આવે છે. પણ યાત્રા ધરમ છે, વ્રત ધરમ છે એમ શુભ રાગને ધરમ માને તો તો તે મિથ્યાદૃષ્ટિ છે. આ વાત માણસોને આકરી પડે છે. માર્ગ તો આવો છે બાપુ!

ભાઈ! જન્મ-મરણ અને તેનાં દુઃખોથી રહિત થવા માટે માર્ગ અંદર જુદો છે. બહારમાં અબજો રૂપિયા પડ્યા હોય, પણ શરીરમાં મોટા મોટા રોગ આવે, આમતેમ ટળવળે, ન્યૂમોનિયા થાય, શ્વાસ ઉપર લેવા જાય ત્યાં રાડ નાખે—એ બધું અહા! એક દી આવશે. શરીર ને સંપદા છોડીને પરલોકમાં ચાલ્યો જશે. ‘એક દિવસ એવો આવશે, જાણે જન્મ્યા જ નહોતા જી...’ એક કાળ એવો આવશે કે તારું કરેલું બધું અહીં પડ્યું રહેશે. જ્યાં જે છે તે ત્યાં જ પડ્યું રહેશે, ને તું ત્યાંથી ચાલ્યો જઈશ. ધ્રુવ જ્ઞાયક સ્વભાવની સાધના સાધેલી હશે તો તે સાથે આવશે.

અહીં તો કહે છે કે, એક કોર હું જ્ઞાયક ને એક કોર પર્યાયથી માંડીને બધું પર; એક કોર રામ ને એક કોર ગામ. એક બાજુ સર્વોત્કૃષ્ટ વસ્તુ—જ્ઞાયક... જ્ઞાયક...જ્ઞાયક, જાણનાર-સ્વભાવી પ્રભુ ભગવાન આત્મા, અને એક બાજુ રાગ, અધૂરી પર્યાય, શરીર—મન-વચન-કાય—વગેરે બધું પર. આ બેમાં બધું આવી ગયું; બાકી બધાં જાણવાનાં પડખાં છે.

**‘હું જ્ઞાયક છું, બાકી બધું પર’—આ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે,...**

જાણવાનાં પડખાંમાં અનેક પ્રકાર આવે છે : વ્યવહાર આવો હોય, નિમિત્ત

**જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે**
**તે જાણ અંતર્હેતુ, દ્દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩. –શ્રી નિયમસાર**

આવું હોય, ફલાણું આવું હોય ને ઢીકણું આવું હોય. એ બધા જાણવાના પ્રકાર છે. જાણનાર જ્ઞાયક તે હું અને બાકી બધું પર—એ બરાબર સમજીને હું જ્ઞાયકસ્વરૂપ, પૂર્ણસ્વભાવી, ધ્રુવ દ્રવ્ય—જેમાં જ્ઞાન આદિ શક્તિઓનો પાર નથી એવું અનુપમ તત્ત્વ—છું અને બીજું બધું પર છે—એમ એક ધારાએ ઊપડે તો એમાં બધું આવી જાય છે. એમાં નિશ્ચય અને વ્યવહાર વગેરે બધું આવી ગયું. અહા! આ તો ગુજરાતી ભાષા છે, બહુ સાદી ભાષા છે.

ઘણા વખતથી લોકોની માગણી હતી ને! કે વચનામૃત ઉપર પ્રવચન આપો; પણ ભાઈ! બધાના હાથમાં પુસ્તક આવી જાય તો ઠીક પડે. હજી તોય પાછું હિન્દી તો હાથમાં આવ્યું નથી.—સવા ત્રણ મહિના થયા બહારમાં (વિહારમાં) તોય. ઘણું કહ્યું રામજીભાઈને, પણ એ બનવાનો યોગ નહોતો.

આ જ્ઞાયકપણું તે હું અને એ સિવાય બધું પર, એમ એક ધારાએ—એક જ પ્રકારે—અંદરથી ઊપડે તો એમાં બધું આવી જાય છે.

એણે ઉપર-ઉપર પર્યાયમાં જ રમતું માંડી છે. એણે એક સમયની પર્યાયની જ રમત માંડી છે.

પર્યાય વિનાનું આખું જે ધ્રુવ દ્રવ્ય તે ઓઝલમાં રહી ગયું. જે અંદર નજરે જોવાની જરૂર છે તે ઓઝલમાં રહી ગયું.

**....'પણ પોતે ઊંડો ઊતરતો જ નથી, કરવા ધારતો નથી, એટલે અઘરું લાગે.'**

પર્યાયમાંથી ખસીને અંદરમાં જતો નથી, અને કરવા ધારતો નથી; કરવા ધારે તો થયા વિના રહે જ નહિ. આ તો આખી દિશા ફેરવવાની વાત છે. પર્યાય ઉપર જે દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, એ સંસારદૃષ્ટિ છે; એ દૃષ્ટિને અંતર ધ્રુવ તરફ લઈ જવી. અહા! જ્ઞાયકતત્ત્વ—ચૈતન્ય તેજ—એ જ હું છું; પૂર્ણ સ્વભાવથી ભરેલું સત્ત્વ છે તે જ હું છું-એમ ઊંડો ઊતરતો જ નથી, એમ અંદરમાં જવાનું કરવા ધારતો નથી, તેથી અઘરું—આકરું લાગે છે.

**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.　–શ્રી નિયમસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—આત્મજ્ઞાન કરવા માટે ઘણા ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરવો પડે એ કરતાં કાંઈક સહેલો રસ્તો બતાવો ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મજ્ઞાન માટે ઘણા શાસ્ત્રો ભણવાની ક્યાં વાત છે? તારી પર્યાય દુઃખના કારણો તરફ વળે છે તેને સુખના કારણભૂત સ્વભાવ સન્મુખ વાળ એટલી જ વાત છે. પોતે ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વસન્મુખ થા ! આટલી વાત છે. તારી જ્ઞાનપર્યાયને દ્રવ્ય સન્મુખ વાળવી. આ ટૂંકું ને ટચ છે.

શ્રોતા :—સ્વભાવ સન્મુખ થવા, હું શુદ્ધ છું, જ્ઞાયક છું આદિ ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે તે કેમ ખ્યાલમાં આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે, ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનદનું શું કહેવું? અલૌકિક છે. ખરેખરી રુચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી.

શ્રોતા :—આત્માના સંસ્કારોને દૃઢ કરવા શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો.

શ્રોતા :—સત્‌ના સંસ્કાર નાખવાથી શું લાભ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જેમ કોરી માટલીમાં પાણીના ટીપાં પડતાં ટીપાં ચૂસાઈ જાય છે, ઉપર દેખાતાં નથી છતાં માટલીમાં પાણીના ટીપાંની ભીનાશ અંદર રહી છે. તેથી વધુ ટીપાં પડતાં માટલી ભીની થઈ જાય છે ને પાણી માટલી ઉપર દેખાય છે. તેમ જે જીવે સત્‌ની ઊંડી જિજ્ઞાસા કરીને સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે જીવને કદાચ

વર્તમાનમાં પુરુષાર્થની કચાશ રહી જાય ને કાર્ય ન થાય તોપણ સત્‌ના ઊંડા નાખેલાં સંસ્કાર બીજી ગતિમાં પ્રગટ થશે, માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.

શ્રોતા :—એક પર્યાય બીજી પર્યાયને અડતી તો નથી તો પૂર્વના સંસ્કાર બીજી પર્યાયમાં કામ કેમ કરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એક પર્યાય બીજી પર્યાયને અડતી નથી એ વાત તો એમ જ છે પણ વર્તમાન પર્યાયમાં એવા જોરદાર સંસ્કાર નાખ્યા હશે તો એનું જોર બીજી પર્યાયમાં પ્રગટે એવી જ તે ઉત્પાદ પર્યાયની સ્વતંત્ર યોગ્યતા હોય છે, ઉત્પાદ પર્યાયના સામર્થ્યથી સ્મરણમાં આવે છે.

શ્રોતા :—સાંભળીને સંસ્કાર દૃઢ કરવા તે આગળ વધવાનું કારણ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, અંદરમાં સંસ્કાર દૃઢ નાખે તો તો આગળ વધે છે.

શ્રોતા :—શ્રવણમાં પ્રેમ હોય તો મિથ્યાત્વ મંદ પડે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મિથ્યાત્વ ને અનંતાનુબંધી અનંતવાર મંદ પડ્યા પણ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. મૂળ દર્શનશુદ્ધિ ઉપર જોર હોવું જોઈએ.

શ્રોતા :—રોજ સાંભળીએ છીએ હવે અંદર જવાનો ટૂંકો રસ્તો બતાવો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન છે અભેદ છે એની દૃષ્ટિ કરવી. ભેદ ઉપર લક્ષ કરતા રાગીને રાગ થાય છે, તેથી ભેદનું લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી—એ ટૂંકો સાર છે.

---

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૨૮) ઈન્દૌર નગરમાં તા. ૧૦-૯-૧૪ ના રોજ સોનગઢ સમર્પિત મુમુક્ષુસમાજના નિમંત્રણથી પર્યુષણપર્વ બાદ એક દિવસીય ધાર્મિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

(૨૯) પૂજ્ય બહેનશ્રીના જન્મધામ વઢવાણમાં શ્રી સિદ્ધચક્ર વિધાનનું આયોજન તા. ૨૬-૯-૧૪ થી ૩-૧૦-૧૪ દરમ્યાન થયું હતું. તેમાં પૂજન બાદ ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તથા રાત્રિના સમયે બ્ર. વ્રજલાલભાઈ તથા સુવર્ણપુરીથી આવેલ વાંચનકાર દ્વારા ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સર્વે મુમુક્ષુઓએ ઉલ્લાસથી ભાગ લીધો હતો

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલ અધ્યાપકે અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની સુદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—જ્ઞાનીને સવિકલ્પ દશામાં અનેક જાતની વિચારણા ચાલે છે તો તેમાં તેને કર્તૃત્વ નથી હોતું ?

પૂજ્ય બહેનશ્રી :—કોઈ વિચાર કરવાનો અભિપ્રાય તેને છે નહિ. તેને તો જ્ઞાયકની—નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા છે તેની—દૃઢ શ્રદ્ધા છે. જોકે તેને શ્રુતના વિચારો આવે છે તથા ગૃહસ્થાશ્રમમાં છે તેથી તેને લગતા વિચારો પણ હોય છે, કેમકે તે કાંઈ મુનિ તો થયો નથી—બાહ્ય અને અભ્યંતર સર્વસંગ પરિત્યાગી થયો નથી. તેને શ્રદ્ધામાંથી બધું છૂટી ગયું હોવાથી કોઈ સૂક્ષ્મ વિકલ્પ કે ઊંચામાં ઊંચો શુભ વિકલ્પ—કોઈને ઇચ્છતો નથી. આ રીતે તેને સર્વ પ્રકારે જ્ઞાયકની પરિણતિમાંથી બધું છૂટી ગયું છે. એવી તેની જ્ઞાયકની ધારા છે. છતાં ગૃહસ્થાશ્રમને લગતા વિચારો તેને હોય છે. પણ પુરુષાર્થની દોરી હાથમાં છે. કોઈ જાતના વિચારો મર્યાદા બહાર—જ્ઞાયકની મર્યાદા છોડીને—આવતા નથી, અનંતાનુબંધ થાય એવી જાતના કોઈ વિચારો આવતા નથી. તેને પ્રત્યાખ્યાની અને અપ્રત્યાખ્યાનીરૂપે જ અસ્થિરતાને લગતા વિચારો હોય છે. અશુભમાંથી બચવા તે શુભમાં આવે છે, પણ જ્ઞાયકની ધારા તેને વર્તતી હોય છે.

શ્રોતા :—જ્ઞાનીને મિશ્રધારા પ્રવર્તે છે. તેમાં આસ્રવના કર્તા-કર્મ આદિ ષટ્કારક પરિણમનમાં કોણ પ્રવર્તે છે ?

પૂજ્ય બહેનશ્રી :—આત્મા પોતે પોતાનો કર્તા છે. જ્ઞાનીને જ્ઞાનમાં કર્તા-કર્મપણું છે, વિભાવનું વિભાવમાં છે. તેને અસ્થિરતા છે તેમાં સ્વામિત્વબુદ્ધિ નથી, તેનું એકત્વબુદ્ધિએ કર્તાપણું નથી. કર્તા-કર્મપણું અસ્થિરતાના પરિણમનની અપેક્ષાએ કહેવાય છે. વાસ્તવિક કર્તાબુદ્ધિ—સ્વામિત્વબુદ્ધિ છૂટી ગઈ છે.

શ્રોતા :—સમકિતીને કેવા આસ્રવ હોય—તીવ્ર કે મંદ ?

**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.** **–શ્રી નિયમસાર**

પૂજ્ય બહેનશ્રી :—તીવ્ર-મંદ હોય, પણ તે કોઈ એવા હોતા નથી કે તેનું સમ્યગ્દર્શન છૂટી જાય. એવા આસ્રવો તેની પાસે હોતા નથી. તેની ભૂમિકા અંદરમાં જુદી જાતની હોય છે. કોઈ રાગને તે ઇચ્છતો નથી, રાગને ઝેરરૂપે માને છે. તેનો રાગ મર્યાદિત હોય છે. જ્ઞાયક જ જોઈએ છે, કોઈ રીતે વિભાવ જોતો જ નથી; વિભાવ હેય બુદ્ધિએ છે, ઊંચામાં ઊંચો શુભ ભાવ પણ પોતાનું સ્વરૂપ નથી. એમ જેની પરિણતિ છે ત્યાં અશુભનો ઉદય ક્યાં અસર કરતો હતો ! તેની ભેદજ્ઞાનની ધારા તૂટે—જ્ઞાયકની પરિણતિ તૂટી જાય—એવી જાતના કોઈ ઉદયો તેની પાસે હોતા નથી. તેની પુરુષાર્થની ધારા ચાલ્યા જ કરે છે.

અમુક જાતની ભૂમિકા હોય તો જ સમ્યગ્દર્શન થાય ને ટકે છે, નહીંતર સમ્યગ્દર્શન ટકી શકતું નથી. તે જાતની અંદર પાત્રતા હોય, અંદર વિભાવનો રસ છૂટી જાય, જ્ઞાયકનો રસ અંદરથી પ્રગટ થાય, જ્ઞાયકની એવી મહિમા લાગે તો જ તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ થયું તેની જ્ઞાતાધારાને ઉદય શું કરી શકે ?

શ્રોતા :—ઉદય પાતળા હોય ત્યારે તો લીનતા વિશેષ કરે ને ?

પૂજ્ય બહેનશ્રી :—ઉદય પાતળા હોય ત્યારે લીનતા કરે તેમ નહિ, લીનતા વિશેષ હોય તો ઉદયો પાતળા જ હોય. તેની પુરુષાર્થની ધારા એવી હોય કે તેના ઉદય પાતળા જ હોય. કર્મનો ઉદય મંદ હોય ત્યારે કરી શકે એમ નહિ, પોતાનો પુરુષાર્થ જોરદાર છે માટે ઉદય તેને કાંઈ અસર કરતો જ નથી. જેટલો ગૃહસ્થાશ્રમમાં ઊભો છે તેટલો પોતાના પુરુષાર્થની મંદતાએ ઊભો છે. તે સમજે છે કે આ ક્ષણે છૂટાતું હોય તો મારે સર્વસ્વ રીતે આદરણીય મારો જ્ઞાયક જ છે. સંસારનો કોઈ ભાવ તેને આદરણીય છે જ નહિ. એટલું શ્રદ્ધાનું બળ છે. અંતરશ્રદ્ધામાંથી બધું છૂટી ગયું છે. જો તે શ્રદ્ધાનું બળ તૂટે તો એકત્વબુદ્ધિ થઈ જાય. પણ શ્રદ્ધાનું બળ તૂટતું જ નથી. એટલી જ્ઞાયકની પરિણતિ જોરદાર છે.

પ્રશ્ન :—જ્ઞાની ઉદયથી નિરપેક્ષ પોતાની જ ધારામાં રહે છે ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીને અમુક જાતના ઉદય આવે છે પણ તેનાથી જુદો પોતે જ્ઞાયકપણે જ રહે છે. ઉદય એવો અસર નથી કરતો કે જ્ઞાયકની પરિણતિ તોડી શકે. ઉદય મર્યાદામાં હોય છે.

**જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,**
**આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬. –શ્રી નિયમસાર**

# બાળ વિભાગ

## ધનશ્રીની કથા

(૧) અહિંસાણુવ્રતમાં યમપાલ ચાંડાલ (૨) સત્યાણુવ્રતમાં ધનદેવ શેઠ (૩) અચૌર્યાણુવ્રતમાં શ્રેણિકપુત્ર વારિષેણ (૪) બ્રહ્મચર્યાણુવ્રતમાં વૈશ્ય પુત્રી નીલી તથા (૫) પરિગ્રહપરિમાણવ્રતને લીધે જયકુમાર પ્રસિદ્ધિ પામ્યા. આ પાંચ અણુવ્રતોની કથાઓ ગતાંકોમાં જોઈ. હવે ઉપરોક્ત પાંચ અણુવ્રતો પૈકી તેના પ્રતિપક્ષીભૂત હિંસાદિ અવ્રતોની કથામાં ધનશ્રી શેઠાણીએ હિંસાને લીધે અનેક પ્રકારનું દુઃખ અનુભવ્યું તે કથા અહીં આપવામાં આવે છે.

લલાટદેશમાં ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં લોકપાલ રાજા હતો અને ધનપાલ વણિક હતો. તેને ધનશ્રી નામની સ્ત્રી હતી. ધનશ્રી જીવનો વધ કરવામાં જરા પણ અટકતી નહિ. તેને સુંદરી નામની પુત્રી અને ગુણપાલ નામનો પુત્ર હતો. જ્યારે ધનશ્રીને પુત્ર ન હતો થયો ત્યારે તેણે કુંડલ નામના બાળકને પુત્રબુદ્ધિથી ઉછેર્યો હતો. વખત જતાં જ્યારે ધનપાલ મરી ગયો ત્યારે ધનશ્રી તે કુંડલની સાથે કુકર્મ કરવા લાગી. અહીં ગુણપાલ જ્યારે ગુણ–દોષ સમજતો થયો, ત્યારે તેના વિષે શંકાશીલ બની ધનશ્રીએ (કુંડલને) કહ્યું : ‘સવારે ગોધન (પશુધન) ચારવા માટે હું ગુણપાલને જંગલમાં મોકલીશ, ત્યાં તું તેની પાછળ પડીને મારજે, જેથી આપણે બે નિરંકુશ (સ્વચ્છંદપણે) રહી શકીએ.’’

પોતાની માતાને આવું બોલતી સાંભળી સુંદરીએ ગુણપાલને કહ્યું : ‘‘આજે રાત્રે ગોધન એકઠું કરીને સવારમાં તને જંગલમાં મોકલી માતા કુંડલના હાથે તને મરાવશે (કુંડલ પાસે મરાવશે), તું સાવધાન રહેજે.’’

રાત્રિના છેલ્લા પહોરે ધનશ્રીએ ગુણપાલને કહ્યું : ‘‘હે પુત્ર! કુંડલના શરીરે ઠીક નથી, તેથી સવારે ગોધન લઈને આજે તું જા.’’

તે ગોધન લઈને જંગલમાં ગયો અને લાકડાને વસ્ત્રથી ઢાંકી છૂપાઈ રહ્યો. કુંડલે આવીને ‘આ ગુણપાલ છે’ એમ માની વસ્ત્રથી ઢાંકેલા કાષ્ઠ (લાકડા) ઉપર ઘા કર્યો અને ગુણપાલે તેને તલવારથી મારી નાખ્યો. જ્યારે ગુણપાલ ઘેર આવ્યો ત્યારે ધનશ્રીએ પૂછ્યું, ‘‘અરે, કુંડલ ક્યાં છે?’’

તેણે કહ્યું, ‘‘કુંડલની વાત તો તલવાર જાણે છે.’’ પછી લોહીથી ખરડાયેલા બાહુને જોઈને, તેણે (ગુણપાલે) જ તલવારથી તેને માર્યો છે. (એમ માની) તેને મારતી ધનશ્રીને જોઈને, સુન્દરીએ તેને (ધનશ્રીને) મુશલથી (સાંબેલાથી) મારવા લાગી. (તેનાથી) કોલાહલ થતાં કોટવાળોએ ધનશ્રીને પકડી અને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને કાન–નાકના છેદનાદિરૂપ શિક્ષા કરાવી ગધેડા ઉપર બેસાડી. તે મરીને દુર્ગતિએ ગઈ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૯-૧૧-૨૦૧૪, રવિવારથી કારતક વદ ૭ તા. ૧૩-૧૧-૨૦૧૪, ગુરુવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### નાઈરોબીમાં પર્યુષણપર્વની ઉજવણી

શ્રી નાઈરોબી દિગંબર જૈન મુમુક્ષુમંડળ નાઈરોબીના આમંત્રણને માન આપી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા શ્રી અતુલભાઈ કામદાર, હૈદ્રાબાદને પર્યુષણમાં સ્વાધ્યાય અર્થે મોકલવામાં આવ્યા હતા. તેમની ઉપસ્થિતિમાં દશલક્ષણ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાત્મપ્રકાશ ઉપર સીડી પ્રવચન તેમજ સમાધિતંત્ર ઉપર વાંચન અને જૈન સિદ્ધાંત પ્રવેશિકા પર શિક્ષણવર્ગ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહપૂર્વક પર્યુષણ પર્વ ઉજવ્યાં હતાં.

## વૈરાગ્ય સમાચાર :–

હિંમતનગરનિવાસી શ્રી મીઠાલાલ મગનલાલ દોશીનું તા. ૧૨-૮-૨૦૧૪ના રોજ ૮૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓશ્રી ૩૫ વર્ષની વયથી જ પૂજ્ય ગુરુદેવશ્રીની અર્પણતાપૂર્વક તેમના પ્રવચનોનો લાભ લેવા માટે અવારનવાર સોનગઢ આવતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ પછી પણ તેઓશ્રીએ સોનગઢમાં મકાન લઈ ગુરુદેવશ્રીના પ્રવચનોનો તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચાનો લાભ લેતા હતા.

ભાવનગરનિવાસી શ્રી કાંતિભાઈ લલ્લુભાઈ મહેતા (ઉ.વ. ૮૪) તા. ૨૪-૯-૨૦૧૪ના દેહ પરિવર્તન કરેલ છે. તેઓ ભાવનગર દિ. જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટી હતા.

નમઃ શ્રીસીમંધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# ચૌદમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૧૪ થી તા. ૩૦-૧૨-૨૦૧૪)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા તેર વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૧૪ થી તા. ૩૦-૧૨-૧૪ સુધી ચૌદમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમ્યાન તીર્થયાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે જેની જાહેરાત શિબિર દરમિયાન કરવામાં આવશે.

આ શિબિરનું આયોજન શ્રી રમણીકલાલ લાલચંદ દોશી, નરેન્દ્રભાઈ નરોત્તમદાસ બાવીશી હ. સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપરના સૌજન્યથી કરવામાં આવ્યું છે.

લિ.

**શ્રી કહાન પુષ્પ પરિવાર વતી**

શ્રી હસમુખભાઈ વોરા શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

## (૧૮)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ × નિશાની કરો.

(૩૪૧) સ્વર્ગના સુખ કરતા મોક્ષનું સુખ અનંતગણું હોય છે. .........

(૩૪૨) સિદ્ધશીલા ઉપર એકેન્દ્રિય તથા નિગોદના જીવો પણ હોય છે. .........

(૩૪૩) ઔદયિક, ઔપશમિક તથા ક્ષાયોપશમિક ભાવ સર્વ મુક્તિ જીવોને હોય છે. .........

(૩૪૪) સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે. .........

(૩૪૫) એક તત્ત્વમાં ભૂલ હોય તો બધા તત્ત્વોમાં ભૂલ ન હોય. .........

(૩૪૬) ભવનવાસી, વ્યંતર ને જ્યોતિષ એ ત્રણ દેવલોકમાં સમ્યગ્દષ્ટિ જાય છે. .........

(૩૪૭) જે આત્માના સકલ ચારિત્રનો ઘાત કરે છે તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. .........

(૩૪૮) સ્વભાવથી આત્મા કથંચિત્ કર્તા છે અને કથંચિત જ્ઞાતા છે. .........

(૩૪૯) દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ હોય છે પરંતુ આના પછી આજ પર્યાય થાય તેમ નક્કી નથી હોતું. .........

(૩૫૦) સ્ત્રીપર્યાયમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન બન્ને થઈ શકે છે. .........

(૩૫૧) બ્રહ્મચર્યથી મુનિની સાચી પરીક્ષા થાય છે. .........

(૩૫૨) નિર્મળ સમ્યગ્દર્શન સાતમા ગુણસ્થાનથી હોય છે. .........

(૩૫૩) નયજ્ઞાનથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ જરૂર થાય છે. .........

(૩૫૪) આત્માનો સ્વભાવ ત્રણેયકાળ સાપેક્ષ હોય છે. .........

(૩૫૫) સમ્યગ્દષ્ટિ જીવ મરીને મહાવિદેહમાં ઉપજે છે. .........

(૩૫૬) જીવને અનાદિકાળથી નિગોદથી ચૌદમાં ગુણસ્થાન સુધી સંસાર છે. .........

(૩૫૭) બે જીવના સ્વભાવ સરખા અને બન્નેના કર્મના પ્રકારો બધુ જ સરખું છતાં બન્ને જીવ જુદા જુદા ભાવ કરે છે. .........

(૩૫૮) તીર્થંકર માતાની સેવા ૧૬ દેવીઓ કરતી હોય છે. .........

(૩૫૯) સાધક જીવને કર્મધારા અને જ્ઞાનધારા બન્ને હોય છે. .........

(૩૬૦) નરકમાં કદી અંતરાત્મા હોય નહીં. .........

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર-૨૦૧૪ના ઉત્તર

| | |
|---|---|
| (૩૨૧) × | (૩૩૧) × |
| (૩૨૨) × | (૩૩૨) ✓ |
| (૩૨૩) ✓ | (૩૩૩) × |
| (૩૨૪) × | (૩૩૪) × |
| (૩૨૫) ✓ | (૩૩૫) ✓ |
| (૩૨૬) × | (૩૩૬) × |
| (૩૨૭) × | (૩૩૭) × |
| (૩૨૮) ✓ | (૩૩૮) × |
| (૩૨૯) × | (૩૩૯) ✓ |
| (૩૩૦) × | (૩૪૦) × |

## (૧૮)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નો 'ચોવીસ તીર્થંકર મહાપુરાણ'માંથી ભગવાન શ્રી મહાવીરમાંથી આપેલ છે.)

(૩૪૧) ભગવાન મહાવીરનો જીવ પૂર્વ એક ભવમાં ....................નામનો ભીલ હતો.

(૩૪૨) ભગવાન મહાવીરના જીવે પૂર્વે ત્રીજા ભવે ....................મુનિરાજના ભવમાં તીર્થંકર ગોત્રનો બંધ કર્યો હતો.

(૩૪૩) ભગવાન મહાવીરનો જીવ................ નામના ભરતક્ષેત્રમાં પ્રથમ વાસુદેવ થયા હતા.

(૩૪૪) ભગવાન મહાવીરના જીવે સિંહના ભવમાં .............. તથા ................. નામના મુનિવરોના ઉપદેશ નિમિત્તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું.

(૩૪૫) ભગવાન મહાવીરના જીવે સિંહની આયુ પૂર્ણ કરી સૌધર્મ સ્વર્ગમાં ................ નામના દેવ થયા.

(૩૪૬) ભગવાન મહાવીરનો જીવ પૂર્વ પાંચમાં ભવમાં વિદેહક્ષેત્રમાં .................. નામના ચક્રવર્તી થયા હતા.

(૩૪૭) પારસનાથ પ્રભુના મોક્ષગમન બાદ ..................... વર્ષ પછી મહાવીર પ્રભુનો જન્મ થયો હતો.

(૩૪૮) ભગવાન મહાવીરનું આયુષ્ય ......... વર્ષ...........માસ .......... દિવસનું હતું.

(૩૪૯) ભગવાન મહાવીરને .................... અને ................. નામના મુનિવરોએ સન્મતિ નામ આપ્યું હતું.

(૩૫૦) ભગવાન મહાવીરના વૈરાગ્યનું કારણ ......................... હતું.

(૩૫૧) ભગવાન મહાવીર દીક્ષા લેતી વખતે ................... નામની પાલખીમાં આરૂઢ થયા હતા.

(૩૫૨) ભગવાન મહાવીરે વૈશાલી કુંડગ્રામના.................... નામના ઉપવનમાં દીક્ષા ધારણ કરી હતી.

(૩૫૩) ભગવાન મહાવીરે બે દિવસના ઉપવાસ બાદ ...................... નગરીના રાજાને ત્યાં પ્રથમ આહાર થયો હતો.

(૩૫૪) ભગવાન મહાવીરને ચંદનાસતી દ્વારા ....................શેઠના ઘરે આહારદાન થયું હતું.

(૩૫૫) ભગવાન મહાવીરને .................... નદીના કિનારે કેવળજ્ઞાન થયું હતું.

(૩૫૬) ભગવાન મહાવીરના સમવસરણમાં ................ ગણધર તથા ................ ઋદ્ધિધારક સાધુઓ હતા.

(૩૫૭) ભગવાન મહાવીરના મોક્ષગમન બાદ પંચમકાળ શરૂ થવાને ............. વર્ષ ........... માસ અને ................ દિવસ બાકી હતા.

(૩૫૮) ભગવાન મહાવીરની પ્રથમ દેશના .............. પર્વત પર ........................ ના દિને થઈ હતી.

(૩૫૯) પારસનાથ ભગવાનનાં નિર્વાણ પછી ................ વર્ષે વીર તીર્થંકર નિર્વાણ પામ્યા હતા.

(૩૬૦) ભગવાન મહાવીરના સમવસરણમાં આર્જિકાના સંઘમાં .................... મુખ્ય આર્જિકા હતા.

---

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓક્ટોબર–૨૦૧૪ના ઉત્તર

(૩૨૧) દિવાળી
(૩૨૨) દીપ
(૩૨૩) દીપચંદભાઈ
(૩૨૪) દિવ્યધ્વનિ
(૩૨૫) દીપોહમંદ રાજા
(૩૨૬) દીપચંદજી કાસલીવાલ
(૩૨૭) દિઢરથ
(૩૨૮) દિનરાત
(૩૨૯) દિવ્યપુરુષ
(૩૩૦) દિશા

(૩૩૧) દિગ્વ્રત
(૩૩૨) દિવસ
(૩૩૩) દીનબંધુ
(૩૩૪) દિગંબર
(૩૩૫) દિક્કુમાર
(૩૩૬) દિપ્તિ
(૩૩૭) દિવાન
(૩૩૮) દીક્ષા
(૩૩૯) દીપક
(૩૪૦) દિવ્ય

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ સમ્યગ્દષ્ટિએ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર્યો ત્યાર પછી (એવી ભાવના તેને રહે છે કે) એક ક્ષણ પણ તે છોડવા લાયક નથી. પરમાત્માને પડખે આવ્યો પછી એક ક્ષણ પણ પરમાત્માનું પડખું છોડવાલાયક નથી અને પુણ્ય-પાપના પડખે ચડવા જેવું નથી. એક ક્ષણ પણ શુદ્ધાત્માને વિસ્મરણ કરવાયોગ્ય નથી. રાગનું કાર્ય કદી પણ ગ્રહણ કરવા લાયક નથી અને શુદ્ધાત્માને કદી પણ છોડવા લાયક નથી, અને જેને રાગનો રંગ ચડી ગયો છે તેને પરમાત્માનો રંગ કેમ ચડે? અને જેને પરમાત્માનો રંગ ચડી ગયો છે તેને રાગનો રંગ કેમ ચડે? હજુ સમ્યગ્દષ્ટિને રાગ આવે છે ખરો, પણ રાગનો રંગ ચડતો નથી, અને શુદ્ધાત્માનો રંગ એક સમય માત્ર પણ ઉતરતો નથી. સમ્યગ્દષ્ટિને અતીન્દ્રિય સુખનો અનુભવ ધારા પ્રવાહરૂપથી ચાલે છે તે એની મોટપ (મહાનતા) છે. ૮૨.

✻ પ્રશ્ન :—સ્વરૂપનો અનુભવ થયો ન હોય અને શુભને હેય જાણવાથી સ્વછંદી થઈ ન જાય ?

ઉત્તર :—શુભરાગને હેય જાણવાથી શુભરાગ છૂટતો નથી. સ્વભાવનું મહાત્મ્ય આવતાં શુભરાગનું મહાત્મ્ય છૂટી જાય છે પણ શુભરાગ છૂટતો નથી. શુભરાગ તો ભૂમિકા અનુસાર એના કાળે આવ્યા વિના રહેશે નહિ. વસ્તુનું જેવું સ્વરૂપ હોય તેવું સાચું જ્ઞાન કરવાથી સ્વછંદતા થઈ શકે નહીં. ૮૩.

✻ જેમ પુત્રમાં પિતાની અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનની અણસાર—વીતરાગતાનો અણસાર આવે છે. શાંત...શાંત...વીતરાગતા...અકષાય તરવરે છે. 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે. આ પક્ષની વાત નથી. વસ્તુ સ્થિતિની વાત છે. ૮૪

✻ પ્રશ્ન :—આ સત્ય વાત સાંભળવા છતાં અત્યારે ધર્મ ન પામે તો ?

ઉત્તર :—સત્યનું શ્રવણ આદિ રસપૂર્વક કરે છે તેથી તેનાથી સંસ્કાર પડે છે. એ સંસ્કારથી ધર્મ પમાય છે. ભલે અત્યારે વિકલ્પ ન તૂટે તોપણ એના સંસ્કારથી આગળ વધીને ધર્મ પામે છે. ૮૫

Posted at Songadh PO
Publish on 1-11-2014
Posted on 1-11-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org